॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરુભ્યો નમઃ ॥

# ॥ વેદ રહસ્ય ॥




## સ્વામી શ્રી અખંડાનંદ સાગર ચેરીટેબલ ટ્રસ્ટ

# શ્રી માધવ ગુરૂકુળ

ઠે. એમ.ડી. દેસાઈ હાઈસ્કુલની સામે,મુ. બાકરોલ, જી. આણંદ-૩૮૮૩૧૫.
ફોન નં.: (૦૨૬૯૨) ૨૩૧૧૯૭

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ શ્રાવણ , સપ્ટેમ્બર – ૨૦૧૫, અંક – ૯

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીએ બાળકોને સંસ્કાર સાથે જ્ઞાન મળે અને ભૌતિકવિદ્યા દ્વારા અર્થોપાર્જન કરી જીવન સફળતાથી જીવી શકે તે હેતુથી માધવ ગુરૂકુળની સ્થાપના કરી તે સમયની સ્મૃતિ



ॐ ॐ

## સ્વામીશ્રી અખંડાનંદ સાગર ચેરીટેબલ ટ્રસ્ટ

## શ્રી માધવ ગુરૂકુળ ઉદ્ઘાટન સમારોહ

શુક્રવાર તા. ૦૯-૦૫-૧૯૯૭

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૭ / સપ્ટેમ્બર–૨૦૧૫ / અંક–૯

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ — કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | ગુરુપૂર્ણિમા મહોત્સવ — કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૧૧ | અભાવની પૂર્તિ — લેખક – શિવ |
| ૧૨ | દ્રષ્ટાંત કથા — મધુબેન ડી. બોઘરા |
| ૧૩ | ફળનો હેતુ જ લક્ષમાં.. — ગોરધનભાઈ જે. ગાબાણી (પીપળીયા) |
| ૧૪ | પૌઢ શિક્ષણ સમાચાર — રણછોડભાઈ નાગજીભાઈ માંગુકીયા (દડવા) |
| ૧૫ | વ્યસન પ્રેમીઓની કથા–વ્યથા — ભૂમિબેન અનિલભાઈ માંગુકીયા (દડવા) |
| ૧૬ | ૐ ગં ગણપતયે નમઃ — કનુભાઈ બી. ઠાકર (સિધ્ધપુર) |
| ૧૭ | ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ — ભગવાનભાઈ છગનભાઈ ભલાણી (વલ્લભીપુર) |
| ૧૯ | શિવકથા — પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા) |
| ૨૦ | જીવનના ત્રણ સાથી.. — મનીષા કે. સાચપરા (અધેવાડા) |
| ૨૦ | સુવાક્યો — સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર — સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર — સંકલિત |


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्झरिकास्तोत्रम्

*બાલસ્તાવત્ક્રીડાસક્તસ્તરુણસ્તાવત્તરુણીરક્તઃ ।
વૃદ્ધસ્તાવચ્ચિન્તામગ્નઃ પરે બ્રહ્મણિ કોઽપિ ન લગ્નઃ ।
ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥૩॥*

### ભાવાર્થ

*બાળક રમત-ગમતમાં રચ્યું-પચ્યું રહે છે. યુવાન તરુણીમાં આસક્ત રહે છે, વૃદ્ધ પણ અનેક પ્રકારની ચિંતાઓમાં મગ્ન રહે છે, પરંતુ પરબ્રહ્મમાં કોઈ પણ તલ્લીન થતું નથી; તેથી હે મૂઢ ! નિરંતર ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥૩॥*

**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

**લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**મુવાની સંગાથે કોઈ જતું નથી રે,**
**કોઈ કોઈનું નથી રે,**
**ભલે મરી જાવ મથી મથી રે,**
**કોઈ કોઈનું નથી રે,**

તો ઘણાંને એમ પ્રશ્ન થાય કે શું વહેવાર ન કરવો ? તો વહેવાર કરવાના બે ભાગ હોય. એક ઉપેક્ષાથી વહેવાર થાય અને એક અપેક્ષાથી વહેવાર થાય. એક મુખ્ય રૂપે વહેવાર થાય અને એક ગૌણ રૂપે વહેવાર થાય. જો તમે અપેક્ષાથી વહેવાર આસક્તિ રાખીને વહેવાર કરશો તો તો વહેવાર નડવાનો છે છે ને છે. પણ તમે સાધન રૂપમાં કે મારે ભક્તિ કરવી છે ને સહયોગી હારે હારે ભલે રે'તો ને જાય તો ભલે જાતાં એમ તમે એને ગૌણ માનીને કરશો. એની એપાક્ષા નહિ ને ઉપેક્ષા કરીને કરશો કે છેવટે મારે એક દિ' છોડવાનું તો છે છે ને છે, કેમ કે આજ નહિ તો કાલ એક દિવસ મરું ત્યારે આ બધું છૂટવાનું છે એટલે છૂટી જાય તો ભલે છૂટતું ને રહેવું હોય તો ભલે રે'તું. તો તમે એમ કહો કે કેમ રહે ? તો પ્રારબ્ધથી રહે. શેનાથી રે' ? બોલો.... કેમ કે તમારા જે પ્રારબ્ધમાં છે એ તમે નો ઈચ્છા કરો તોય રે'વાનું છે અને પ્રારબ્ધમાં જે નહિ હોયને તો ગમે તેટલી આસક્તિ બાંધશો તોય એક દિવસ વયું જવાનું છે. એટલા માટે આસક્તિ છોડી અને જગતનો મોહ છોડીને પોતાના આત્મ કલ્યાણનો પુરુષાર્થનો માર્ગ પકડી લેવો એ ધીર વીર ગંભીરનું કામ છે. કાયરનું કામ નથી. કેમ કે નબળા લોકો હોયને એને નબળામાં મન હોયને તે મને દુઃખ થશે ને મને આમ થશે મને તકલીફ થશે. પણ સારામાં બીવે છે. સત્યમાં બીવે છે. કેમ કે સત્ય કોઈ દિ' તૂટતું નથી મરતું નથી. પણ સત્ય એની બુદ્ધિમાં બેસતું નથી. જેને નથી બુદ્ધિમાં બેસતું એ લોકો કાયર થઈને હિંમત છોડીને પાછા ભાગતા થાય છે અને હિંમતવાળા હોય એ તો કોઈ દિ' પકડેલું છોડતા નથી.

**ભક્તિ શૂરવીરની સાચી રે,**
**લીધા પછી ના મેલે પાછી,**
**શબ્દના ગોળા જ્યારે છૂટવા લાગ્યા,**
**ત્યારે મામલે રહ્યાં ભડ માચી,**
**પાંચ પચીસને અળગા મેલ્યા,**
**પછી એક બ્રહ્મ રહ્યો ભાશી રે,**
**ભક્તિ શૂરવીરની સાચી રે,**
**લીધા પછી નાં મેલે પાછી.**

(શ્રી ભોજાભક્ત)

તો યમરાજાએ નચિકેતાને આ રીતે બેય માર્ગ બતાવ્યા અને કહ્યું-

**स त्वं प्रियान्प्रियरूपाꣳश्च कामा-**
**नभिध्यायन्नचिकेतोऽ त्यस्त्राक्षीः।**
**नैताꣳसृङ्कां वित्तमयीम वाप्नो**
**यस्यां मज्जन्ति बहवो मनुष्याः॥ ३॥**

॥ ૧-૨-૩ ॥

યમરાજા નચિકેતાની પ્રશંસા કરતાં કહે છે **'स त्वं प्रियान्प्रियरूपाꣳ श्च कामान्'** કે તું પ્રિય અને પ્રિય રૂપ જગતના પદાર્થો પ્રિય છે અને અપ્સરા ને એ બધા પ્રિય રૂપ વાળા છે. આલોકના ને પરલોકના

બધાય ભોગો તે છોડી દીધા. જેમ આ સંસારની માયામાં લાખો મોટા મોટા બુદ્ધિમાનો પણ ફસાય જાય છે કે-

**મ્હોટા ભણ્યા ગણ્યા પંડિત ડાહ્યા,**
**મૂકી ધર્મ અને ધનને ધાયા,**
**ત્હેને ઝટ લઈને કાળે ઝાલ્યા,અણ સમજુ જીવ.**
**અણ સમજુ જીવ (૨),**
**શી શિખામણ દેઉં ત્હારૂં મન માને નહીં.**

(સ્વામી પ્રિતમદાસજી)

યમરાજા કહે છે કે આ ભોગમય વિત્તમય સંસારમાં લાખો લોકો ફસાયેલા છે. પણ તે આ પ્રિય અને પ્રિયરૂપ પદાર્થોનો તે ત્યાગ કર્યો છે એટલા માટે તને આ સંસારની માયા ફસાવે નહીં તો તું મહાન બુદ્ધિમાન છો.

**दूरमेते विपरीते विषुची**
**अविद्या या च विद्येति ज्ञाता ।**
**विद्याभीप्सिनं नचिकेतसं मन्ये**
**न त्वा कामा बहवोऽलोलुपन्त ॥ ४ ॥**

॥ १-२-४ ॥

યમરાજા નચિકેતાને કહે છે **दुरमेते विपरीते विषूची** - કે અંધકાર ને પ્રકાશ, સમજાણું ? બોલો ? અંધકાર જુદો છે ને પ્રકાશ... તો બોલો, અંધકારમાં રહેવા વાળાને શું નુકશાન થાય ? અને પ્રકાશ લેવાવાળાને શું લાભ થાય ? તો ધ્યાનથી થોડું થોડું સાંભળો. અંધકારમાં હીરા પડયા હોયને તો લઈ શકો ? તો ઓળખાય હીરા છે કે કાકરા ? પછી મીઠું પડયું હોય ને ખાંડ પડી હોય શું કરો ? બોલો ? દેખાય ? અંધકારમાં તમને કંઈ રસ્તો સૂજે ઉગમણા જાવ છો કે આથમણા....? એટલે અજ્ઞાની જે હોયને અંધકારમાં હોય એ ગોળ ગોળ રાઉન્ડ માર્યા કરે. શું કર્યા કરે ? બોલો. ગોળ ગોળ ચક્કર માર્યા કરે, કેમ કે એને રસ્તો સૂજતો નથી અને અજવાળામાં હોય એને ? એને હીરા શું કહેવાય ને કાકરા શું કહેવાય ? એ ખબર પડે કયો રસ્તો દક્ષિણમાં જાય છે ને કયો ઉત્તરમાં જાય કે પૂર્વમાં જાય કે પશ્ચિમમાં જાય એ ખબર પડે. કયો રસ્તો સારો છે ને કયો ખરાબ છે ? એ પણ ખબર પડે... એટલે જ આપણી સંસ્કૃતિમાં પ્રાર્થના કરવામાં આવી કે-

**અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,**
**ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા,**
**મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા,**
**તું હીણો હું છુતો તુજ દર્શનના દાન દઈ જા.**

તો અવિદ્યા જે છેને એ અંધકારમાં હોય એ અવિદ્યા કહેવાય ને પ્રકાશમાં હોય એ વિદ્યા કહેવાય. ને પરમ સત્યમાં રહે એને વિદ્વાન કહેવાય ને અસતમાં રહે એ અજ્ઞાની કહેવાય. એમ અમર થઈને રે'એ જ્ઞાની કહેવાય ને મૃત્યુમાં પડયા રહે એને શું કહેવાય ? બોલો ? અજ્ઞાની. એટલા માટે આ ત્રણેય ભાગને પ્રેમથી સમજો. એટલે કહે છે કે વિચાર કરીને વિવેકથી મનુષ્યે જીવન જીવવું જોઈએ તો-

**विद्याभीप्सिनं नचिकेतसं मन्ये**

નચિકેતાને યમરાજા કહે છે કે હું તને વિદ્યા મેળવવાની ઈચ્છાવાળો સમજું છું એટલે તને પરમ સત્યની ઈચ્છા છે. તને ખોટું લેવાની ઈચ્છા નથી. તને (પ્રકાશના) જ્ઞાન લેવાની ઈચ્છા છે. તને ભોગો (અંધકાર) જડ લેવાની ઈચ્છા નથી. તું અમર થવાની ઈચ્છાવાળો છો તારે મરવાવાળા પદાર્થો લેવાની ઈચ્છા નથી. એટલા માટે મેં તારે માટે નક્કી કર્યું કે તું અમરતાને યાગ્ય થયેલો હોય એટલે કહે છે-

**न त्वा कामा बहवोऽलोलुपन्त ।**

મેં તને ઘણાંય પદાર્થો દેવાની કામના (ઈચ્છા) કરી પણ તે એકેયમાં લોભ તને થયો નય. તો આ શું બતાવે ? કે એને સંસારના પદાર્થોનો મોહ ય નથી અને લોભ ય નથી ને કોઈની હારે એને ક્રોધય નથી કેમ કે પિતાએ તેને યમરાજાને ત્યાં મોકલ્યો. અત્યારના છોકરા હોય તો શું કરે ? બોલો ? પિતાને પેલ્લો મારીને બેસી જાય. એટલે તેને ક્રોધય નથી. તેને કોઈએ દુઃખ દુધું એનો ક્રોધ ય નથી તને લોભ ય નથી ને તેને મોહ પણ નથી. આ શું બતાવે ? બોલો ? પ્રભુને રસ્તે કોણ ટકી શકે ? કે જેને કામ ય ન હોય ક્રોધ ય ન હોય ને લોભ ય ન હોય. નકર કામી ક્રોધી લોભી તો ઘણાંય આવીને મંદીરે બેસી જાય પણ પોતે દુઃખી થાય ને બીજાને દુઃખી કરે. કેમ કે પ્રભુને રસ્તે જવામાં ય કામ, ક્રોધ, લોભ... કામ ક્રોધ. લોભ પ્રભુ રસ્તે જવા દેતાં નથી એ જીવને અધોગતિમાં નાખે છે. એટલા માટે પ્રથમ કામ, ક્રોધ, લોભ, મોહ જીતવાની યુક્તિઓ ગુરુ દ્વારા શીખવી જોઈએ. જયાં સુધી નહીં શીખો ત્યાં સુધી અધમ ગતિમાં....

## યુક્તિઓ....

**કામ :–**

તો કામ શબ્દનો અર્થ સ્ત્રીની ઈચ્છા એ કામ પ્રસિદ્ધ શબ્દ છે. પણ કામ સર્વની અંદર છે. કોઈપણ ઈચ્છા હોય એનું નામ છે કામ. અંદર ઈચ્છા હોયને એને કામના કહેવાય એટલે કામના મટાડવાનું શીખો.

ધ્યાનથી યાદ રાખો. હવે, જગતના પદાર્થો સાચા છે કે ખોટા ? એ નક્કી કરો બોલો ? અને પરમાત્મા સાચા છે કે ખોટા ? તો પરમાત્મા તમારી પાસે છે તો એની ઈચ્છા કરવી એ નકામી છે. એ તો હંમેશા છે છે ને છે. જ્યારે ખોટા પદાર્થો લેવાની ઈચ્છા એ પણ નકામી છે. જેમ કાંઈ જાંજવાનું જળ લેવાની ઈચ્છા સમજુ કરતો નથી. અજ્ઞાની હરણ હોય (મૃગલા હોય) એ કરે પણ જ્ઞાની મનુષ્ય કોઈ જાંજવાનું જળ પીવાની ઈચ્છા રાખતા નથી. એમ જગતને–

पश्यानिशं जगदिदं क्षणभङ्गानिष्ठं

(ભા.-મહાત્મ્ય-૪-૭૯)

કે આ જગત તો ક્ષણ ભંગુર છે. યા તો **'મૃગતૃષ્ણી કાભમ્'** કે આ જગત બધું જાંજવાના જળ જેવું છે. મીરાં બાઈએ કહ્યું કે–

**સંસારીનું સુખ એવું જાંજવાના નીર જેવું,**
**તેને તુચ્છ કરી ફરીએ રે, મોહન પ્યારા,**
**સંસારીનું સુખ કાચું પરણીને રંડાવું પાછું,**
**તેને ઘેર શીદ જઈએ રે, મોહન પ્યારા,**
**પરણું તો હું પ્રિતમ પ્યારો અખંડ સૌભાગ્ય મારો,**
**રાંડવાનો ભય ટાળ્યો રે, મોહન પ્યારા,**
**મીરાં બાઈ બલિહારી આશા મને એક તારી,**
**હવે હું તો બડ ભાગી રે, મોહન પ્યારા,**

તો ધ્યાનથી યાદ રાખો જે સાચું છોડીને ખોટું લેવા જાય એ જીવ અધોગતિમાં જવાના છે. કેમ કે એને કોઈ દિ' લાભ થવાનો નથી. એટલે ખૂબ વિવેક રાખવો જોઈએ. તો ઈચ્છા છોડવા માટે આ સમજણ આપવામાં આવે છે. ધ્યાનથી યાદ રહ્યું બોલો ? ભોગોની ઈચ્છા રાખી એ શું છે ? બોલો ? ખોટી છે. કેમ કે એમાં સુખ છે નહીં સત્યતા છે નહિ એમાં કંઈ સાચો લાભ છે નહિ એમ સમજીને જગતની કામના છોડવી અને ભગવાન મારી અંદર હાજરા હજુર છે છે ને છે અને હું મુક્ત છું હું અમર છું હું આનંદ સ્વરૂપ છું એમ જાણીને બહાર સુખની ઈચ્છા પણ છોડવી. સુખ અંદર છે કે બહાર ? બોલો ? ભગવાન અંદર છે કે બહાર છે ? તમે મુક્ત છો કે બંધાયેલા છો ? જયારે એ સમજણ આવશે એટલે કામના શું થશે ? બોલો છુટી જશે. કઈ કામના કરશો ? ભોગની કામના એટલે ન કરવી કે એ ખોટા છે. જન્મ મરણના ચક્કરમાં નાખે છે અને ભગવાન મળેલા છે એટલે એની કામના કરવાની ઈચ્છા.... એટલે જ્ઞાની પુરુષોને–

**''ચાહ નહિ ચિંતા નહિ મનવા બેપરવાહ**
**જીસકો કછુ ન ચાહિયે, સો શાહન કો શાહ..''**

**''ઈચ્છા ટવી રે ઈન્દ્રલોકની,**
**અજપદને કૈલાસ,**
**નહિં વૈકુંઠની વાસના,**
**ભાળ્યો બ્રહ્મવિલાસ,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી...''**

(પ્રિતમદાસજી)

તો સ્ત્રીની કામના, પુત્રની કામના, ધનની કામના બધી કામનાઓ આવી ગઈ આમાં તો ખાસ કરીને એટલા માટે પુત્રેષ્ણા, વિત્તેષ્ણા, લોકેષ્ણા એ ત્રણ એષ્ણાઓને વધારે માનવામાં આવી છે. એને લઈને જીવો ભગવાનને છોડીને બીજે ભટકે છે. કઈ એષ્ણા ? બોલો ? પુત્રેષ્ણા, વિત્તેષ્ણાને લોકેષ્ણા એ ત્રણેયમાં સુખ નથી એવો અભ્યાસ કરવો જોઈએ કે એમાં જેણે જેણે મોહ કર્યો એણે–

**પુનરપિ જનનં પુનરપિ મરણં,**
**પુનરપિ જનની જઠરે શયનમ્...**

(આદ્ય જગદ્‌ગુરૂ શ્રી શંકરાચાર્ય)

રાવણે જેમ સીતામાં મોહ કર્યો એટલે રાવણ અધોગતિમાં રણમાં રોળાય ગયા. ક્રોધી જે થયા એ ક્રોધમાં ને ક્રોધમાં ભસ્મીભૂત થઈ ગયા. લોભી થયા એ હજી જન્મ-મરણના ચક્કર કાપી રહ્યા. કેમ કે લોભને વશ થઈને પાપ કર્યા ને પાપ કરીને કીડા મકોડા થયા ને અનંત દુઃખો ભોગવી રહ્યા છે એમ સમજીને મનુષ્યે કામ, ક્રોધ, લોભ, મોહ પર વિજય પ્રાપ્ત કરવા પ્રથમ કામના દુર કરવી. શું દૂર કરવી ? બોલો. જો (કામના) થતી હોયને તો ગુરુને પૂછવું વારંવાર એમાંથી મનને ઉપરામ કરવાનો અભ્યાસ કરવો. અંદર દોષ દ્રષ્ટિ કરવી. દોષ એટલે દુઃખવાળો ભાગ પણ અંદર જોવો. એકલો સુખવાળો ભાગ જ જો જો કરશો તો અંદર કામના (આસક્તિ) વધશે પણ હારે દુઃખવાળો ભાગ જોશો તો....

જેમ બહુ દુધપાક સારો હોય પણ અંદર ગરોળી પડી ગઈ એમ ખબર પડે તો શું કરો ? બોલો ?

પછી ઈચ્છા થાય ? લાડુ લાડુ બહુ સારા પણ અંદર ઝેર નાખેલા છે એમ ખબર પડે તો ? તો કે' આપડે કાય ખાવા નથી. એમ આ જગતના પદાર્થો શું છે ? બોલો ? અંદર વિષયનું મરવાનું ઝેર અંદર ભળી ગયેલું છે. જેટલાં પદાર્થો છે અંદર મરણ ભરેલું છે કોણ અમર છે ? બોલો ? પરમાત્મા સિવાય કોઈ અમર નથી મૃત્યુ અંદર ભેગું ભળેલું છે. તો જેમ અંદર ગરોળી પડી ગયેલી હોય તો સારો દૂધપાક હોય તોય જીવ ખાવા તૈયાર થતો નથી. લાડુ બહુ સારા હોય પણ અંદર ઝેર ભેળવેલું હોય તો (ખાવાની) ઈચ્છા થતી નથી એમ આ વિષયો ગમે એટલા અંદર રૂપાળા હોય પણ અંદર મરણનું શું ભળેલું છે ? બોલો ? ઝેર ભળેલું છે.

**કાળ ખાશે જે કે'શે કહ્યું નહિ,**
**નથી માનતો ગાફલ ગમાર;–**
**અવસર આવો નહિ મળે,**
**માટે સમરણ કર શુદ્ધ ભાવથી,**
**ટળે તન મન કેરા વિકાર; અવસર...**
(પિત્તમદાસજી)

**ક્રોધ :–**

તો જટલો કામ ઓછો થશે ને એટલો ક્રોધ એની મેળાયે ઓછો થઈ થશે. કેમ કે ક્રોધનું મૂળ કારણ જ કામના છે. **'કામાત્ક્રોધોઽભિજાયતે'** (ગીતા-અ.-૨-૬૨) એટલે જેટલી કામના વધારે હોયને એ કામના પૂરી ન થાય એટલે ક્રોધ ચડે એટલે કોઈને પુત્રની કામના હોય અને પુત્ર ન મળે ત્યારે કોઈને કોઈની ઉપર ક્રોધ કરે યા તો સ્ત્રી ઉપર કરે યા તો પાડોશી પર કરે કાં તો ધર્મ ઉપર કરે. હું એટલો ધર્મ પાળું છું તોય મારે પુત્ર થતો નથી. એમાં ધર્મ શું કરે ? તારા કર્મમાં ન હોય તો પુત્ર કયાંથી.... એટલે યા તો ધર્મ ઉપર ખીજાય ને કાંતો પત્ની ઉપર ખીજાય ને યા તો કુટુંબ પર ખીજાય યા તો પડખે કો'ક રે'તું હોય તો, આનું મોઢું જોવ છું એટલે મને નથી પુત્ર થાતો. તો કો'કની ઉપર કામના છે એટલે કામના જીવને ક્રોધ ઊભો કરાવે છે.

**'કામાત્ક્રોધોઽભિજાયતે'**
(ગીતા-અ.-૨-૬૨)

હવે, ક્રોધ દુર કરવા માટે અભ્યાસ કરો, સર્વમાં ભગવાન છે.

**ત્વયિ મયિ ચાન્યત્રૈકો વિષ્ણુ**
**વ્યર્થ કુપ્યસિ સર્વસહિષ્ણુ**
**ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં**

**ગોવિન્દં ભજ મૂઢમતે**
(શંકરાચાર્યજી)

પાછળ એ કે' છે કે તારામાં મારામાં અન્યત્ર બધામાં એક વિષ્ણુ છે. તું નકામો ક્રોધ કરે છો. તમે કો' મને સહન થતું નથી. શું કહો છો ? બોલો ? હવે, તમે કોણ છો ? નક્કી કરો. બોલો તમે કોણ છો ? તે તમને સહન થતું નથી. તમે, આ ટાઢ-તડકો તમારા આત્માને લાગે છે ? તો તમને તો બધુ સમજાય છે કે આત્માને તો કંઈ થતું નથી. **'સર્વ સહિષ્ણુ'** કે આત્માને તો આખી દુનિયા કુટેને તોય કાય થાય નહિ. એટમ બોમ્બ પડે તોય આત્માને કાય થાય નહિ. હીમ પડે તોય આત્માને કાય નો થાય. ગમે એટલા મારા મારી થાય ગમે એટલી દવા કોઈ ઝેર પાઈ દેને તોય આત્મા કોઈ દિ' મરે નહિ. એટલે **'હું આત્મા છું'** એમ સમજીને તમે સહન કરો તો તમારે ક્રોધ ચડે નહિ. નકર મારે તો સહન થતું નથી. તો શું તમે કંઈ તુટી જાવ છો ? તમે કાય ઘસાય જાવ છો ? તમારા આત્માને કંઈ થતું નથી. હીં સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છું એમ માનીને ધીર, વીર, ગંભીર રહેવું. કોઈની ઉપર ખીજાવાની જરૂર નથી. તમારું કંઈ બગડયું નથી ને કંઈ બગડશે પણ નહિ. કેમ કે તમે ન બગડે એવા આત્મા છો. તમે ન લૂંટાય એવા આત્મા છો. તમે ન ઘટો એવા આત્મા છો. તમને કંઈ કાળ પણ કરી શકતો નથી તો માણસ શું કરી શકવાનો છે. તમારા આત્માના બળથી ભયથી તો કાળ પણ કાપે એમ છે.

**ભીષાઽસ્માદ્વાતઃ પવતે । ભીષોદેતિસૂર્યઃ ।**
**ભીષાઽસ્માદગ્નિશ્ચેન્દ્રશ્ચ । મૃત્યુર્ધાવતિ પંચમઃ ॥**
(તૈતિરીયોપનિષદ્,૨,૮,૧)

તમારા આત્માના ભયથી તો સૂર્ય, ચંદ્રમાં પણ ઉગે છે. તમારા ભયથી તો યમરાજા પણ કાપે એમ છે. એટલે તમારે કોઈપણ પ્રકારે ડરવાની કે ચિંતા કરવાની જરૂર નથી. એટલે ક્રોધ શું કામ કરવો ? તમારું કંઈ બગડે એમ જ નથી. યમરાજાય નો બગાડી શકે તો તો માણસ શું બગાડી શકવાનો છે ? બગાડી શકે ? બોલો ? એટલે ક્રોધ કરવો નહિ. એમ સમજીને વારંવાર આત્મબળ વધારો. સર્વમાં પરમાત્મ ભાવ કરો અને કામના છોડશો તો એની મેળાય ક્રોધ છૂટી જશે. એટલે કામના પેલી દુર કરવી. પછી ક્રોધ હોય તો આ રીતે અભ્યાસ કરીને ક્રોધને પણ જીતવો.

**ક્રમશ...**

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**શુક્રવાર, તા. ૩૧-૦૭-૨૦૧૫**

**પ.પૂ.બ્ર.શ્રી જયાનંદજી મહારાજ**

ઉપસ્થિત મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો,

આજે આપણે બહુ ભાગ્યશાળી છીએ કારણ કે પ.પૂ.પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજની જન્મભૂમિ વસ્તડીની અંદર ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવી રહ્યા છીએ. શાસ્ત્રમાં ગુરુની બહુ મહિમા કહી છે. પૂર્ણિમાને દિવસે ચંદ્ર પૂર્ણ કળાએ ખીલેલો હોય છે. તે દિવસે ગુરુજીનું પૂજન કરવાથી આપણું જીવન પૂર્ણ બને છે. ગુરુજી પૂર્ણ છે ને આપણો આત્મા પણ પૂર્ણ છે. પણ આપણને તેનો અનુભવ થતો નથી. આજના દિવસે ગુરુજીનું પુજન કરવાથી ભાવના વધે છે. જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અપ્રત્યક્ષ દેવ છે જો તેને પ્રત્યક્ષ રીતે જોવા હોય તો તે ગુરુ છે આપણી ભારતીય સંસ્કૃતિમાં તેત્રીસ કરોડ દેવતાને માનવામાં આવ્યા છે. પણ તેત્રીસ કરોડ દેવતાનું પૂજન થઈ શકતું નથી. પણ જો ગુરુજીનું પૂજન કરીએ તો તેત્રીસ કરોડ દેવતાનું પૂજન થઈ જાય છે. મીરાંબાઈ કહે છે કે ગુરુજીના ચરણોમાં અડસઠ તીરથ છે.

**અડસઠ તીરથ સંતોના ચરણમાં,**
**કોટી કાશીને કોટી ગંગા,**
**બેની અમને ભાગ્યે મળ્યો છે,**
**સંત પુરુષનો સંગ,**
**બેની અમને ભાગ્યો મળ્યો છે.**

સંસારની અંદર આપણે જોઈએ છીએ કે કોઈ પણ કામ કરવું હોય તો આપણાથી વિશેષ વ્યક્તિની જરૂર પડે છે અને તે ગુરુ છે. સંસારના લાભ નજરે દેખાય છે. આત્મા-પરમાત્માનો લાભ નજરે દેખાતો નથી. તેથી ગુરુની જરૂર પડે છે. આ સંસારમાં મોટામાં મોટો લાભ હોય તો તે આત્માનો છે. તેમાં કયારેય નુકસાન આવતું નથી. પરમાત્માનો લાભ સદ્ગુરૂ દ્વારા જ થાય છે. સનકાદી ઋષિ જયારે નૈમિષ્યારણ્યની અંદર એક વર્ષ ચાલે તેવો સત્સંગ કરવા બેઠા અને તેમણે સૂતજી મહારાજને આમંત્રણ આપ્યું અને પૂછવા લાગ્યાં કે હે સૂતજી મહારાજ ! અમને ગુરુજીનું મહાત્મ્ય વર્ણવો.

**આચાર્યવાન્હિ પુરૂષો વેદેત્યાદિશ્રુતિર્જગૌ**
**તસ્માત્સર્વ પ્રયત્નેન ગુરુમાહાત્મ્યં વદ પ્રભો**

શ્રુતિ કહે છે કે જો આપણે આત્માને જાણવો હોય તો ગુરુજીના શરણ વિના જાણી શકાતો નથી. ગુરુ વડે જ આત્મા ઓળખી શકાય છે. જે ભગવાનના અવતાર આપણે જોઈએ તેઓએ પણ ગુરુજીનું શરણું પ્રાપ્ત કર્યુ હતું. એટલે આપણે ભજનમાં ગાઈએ છીએ કે

**સદ્ગુરૂ ચૈતન્ય બ્રહ્મ છે રે,**
**સરવે દેવોના છે દેવ રે જીવલડા,**
**સાચું રે શરણું સદ્ગુરુ દેવનું રે.**

આકાશની અંદર સોળ કળાનો ચંદ્રમાં ખીલ્યો હોય, ગ્રહ, તારા, નક્ષત્ર પ્રકાશ કરતા હોય પણ જ્યાં સુધી સૂર્ય ન ઉગે ત્યાં સુધી અંધારું દૂર જતું નથી. એમ ભલે કોઈ વેદોના પારંગત હોય પણ જે ગુરુનું શરણ પ્રાપ્ત ન કરે તો તેનું અજ્ઞાન નાશ થતું નથી શ્રી શંકરાચાર્ય કહે છે કે-

**ષડંગાદિવેદો મુખે શાસ્ત્રવિદ્યા,**
**કવિત્વાદિગદ્યં સુપદ્યં કરોતિ,**
**ગુરોરંધ્રિપદ્મે મનશ્ચેન્ન દત્તં,**
**તતઃ કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિં..**

ચારવેદ (ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ) એના છ અંગો (શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જયોતિષ) સહિત વેદનું અધ્યયન કર્યુ હોય પણ જો ગુરુનું શરણ ન અપનાવે તો તેણે શું કર્યું ? શું કર્યું ? શું કર્યું ? અર્થાત્ કાંઈ જ કર્યુ નથી. જે ગુરુને શરણે જાય એજ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જે ગુરુની સેવા કરે, ગુરુના વચનનું પાલન કરે એ જ ગુરુજીની વિદ્યા પ્રાપ્ત કરે છે.

આ પૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા કહેવાય છે. કારણ કે વ્યાસજી બધાના આદિગુરુ છે. જો કે આ પરંપરા સ્વયં નારાયણથી શરૂ થઈ છે અને વ્યાસજીએ તેનો વિસ્તાર કર્યો છે. એમાં ભગવાન શંકરાચાર્ય થયા અને એ જ પરંપરામાં આપણી આ પરંપરા છે.

સંસારમાંથી ધીરે ધીરે વૈરાગ્ય થાય આપણે

પણ ગુરુજીની જેમ બ્રહ્મલીન થઈ શકીએ છીએ. આજે ગુરુજીનું પૂજન કર્યુ તેનો બહુ મહિમા છે. ગુરુના પૂજનમાં સર્વનું પૂજન થઈ જાય છે.

## <u>પ.પૂ.મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ</u>

પ્રિય સજ્જનો,

આજનો દિવસ ગુરુ પૂર્ણિમાનો છે. બાર મહિને અષાઢ સુદ પૂર્ણિમા ગુરુ પૂર્ણિમા કહેવાય છે. આજના દિવસે અપના અપના ગુરુનું પૂજન થાય છે.

**ગુરુપદ પંકજ પૂજતા, ચૌદે લોક પૂજાય,**
**શિવ વિરંચીને શારદા, ગુરુતણા યશ ગાય.**

આપણી સંસ્કૃતિમાં તેત્રીસ કરોડ દેવતા છે. બધાના સરનામાની ખબર છે ? કયાં કયાં પૂજા કરવા જાય ? શાસ્ત્રોને સંતો વારંવાર કહે છે કે તેત્રીસ કરોડ દેવતા ગુરુના શરણે છે અને દેણતાની પૂજા કરવી એ એક પ્રકારની સગુણ ભક્તિ છે. સગુણ ભક્તિથી કાર્ય પૂરા થાય પણ જ્ઞાન ન થાય. અને એક ચેતન ગુરુ પાસે જવાથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તી થાય છે. આ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા કહે છે.

જેમ કેટલા વૈભવ હોય તેમ છતાં માણસને ચિંતા સતાવે છે કે મારું કાંઈક બાકી રહી જાય છે. એવી રીતે વ્યાસ મહારાજે ચાર વેદને સત્તર પુરાણ લખ્યા છતાં ચિંતા સતાવે છે કે મારું કાંઈક બાકી રહી જાય છે. વ્યાસજી એટલા વિદ્વાન ભગવાનનો અવતાર હોવા છતાં ચિંતા સતાવતી હતી. એટલામાં નારદજી પધાર્યા. તે કહેવા લાગ્યા કે આટલા ગ્રંથો લખ્યા છતાં તમારા મુખ પર ચિંતા કેમ સતાવે છે. તો જો કારણ મળી જાય તો ચિંતા રહે નહિ. તેથી નારદજી કહેવા લાગ્યા કે તમે આટલા ગ્રંથો લખ્યા પણ ભગવાન કૃષ્ણનો મહીમા નથી ગાયો તમે અઢારમું પુરાણ લખો. શ્રીમદ્ ભાગવત આજે વ્યાસ મહારાજે ભાગવદની રચના કરી શાસ્ત્ર હોય અને વિદ્વાન હોય છતાં પણ ગુરુ શરણે ન જાય તો કાંઈ ન થાય. ગુરૂ ચરણે મોક્ષ થાય, પણ ક્યારે ? ગુરુનું માને તો આજ્ઞા પાલન કરે તો મોટામાં મોટી સેવા છે.

**એકલવ્ય ગુરુ સેવા કરતો,**
**મૂર્તિ ગુરુજીની ધ્યાનમાં ધરતો,**
**અંગુઠો દેતા પણ નવ ડરતો,**
**ચિત્તમાં શ્રદ્ધા રાખીને,**
**સેવા સદ્ગુરુજીની કરવી,**
**ચિત્તમાં શ્રદ્ધા રાખીને,**
**મૂર્તિ ધ્યાનમાં ગુરુજીની ધરવી,**
**ચિત્તમાં શ્રદ્ધા રાખીને...**

ગુરુ પાસે આપણે શ્રદ્ધાથી ભાવથી નિષ્ઠાથી આવ્યા તો છીએ પણ ગુરુ જે રસ્તો બતાવે તે પ્રમાણે ચાલીએ શ્રુતિ બતાવે છે કે ગુરુની મહિમા બહુ છે.

**મળ્યા ગુરુ નારદને સુખરાશી,**
**ટાળી ક્ષણ માત્રમાં લક્ષ ચોરાશી...**

વાર લાગી ? ભગવાન વિષ્ણુ પાસે નારદજી ગયેલા તો ભગવાને એના પર પાણી છાંટયું. તો કહે કે કેમ પાણી છાંટયુ ? તો ભગવાન કેહ કે તે શાસ્ત્રો ભણ્યા પણ ગુરુ કર્યા નથી તે અપવિત્ર માટીને પવિત્ર કરી. ગુરુનો અપરાધ ન છૂટે. ગુરુની નિંદા તો કરવી જ નહી આજે ગુરુ પૂર્ણિમાનો દિવસ છે તો સંસારમાં રહેતા રહેતા પણ હું કાંઈ કરતો નથી એવો ભાવ રાખવો અને તન-મન-ધન ગુરુના ચરણે ધરવું.

**મારુ તન મન ધન, ગુરુના ચરણોમાં (૨)**

ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. હિંમત કરો અત્યારે બધુ ભગવાનને ચરણે મનથી છોડવાનું છે. મનથી છોડો તો તનથી છૂટે છૂટે ને છૂટે ખૂબ વરસાદ પડયોને, કસોટી થઈને, તોય આવ્યાને બધા શિક્ષાપત્રી વાંચો, શું લખ્યું છે ? ગુરુનું માનો તો જ પૂનમ ઊજવી કહેવાય. નારદજીના કહેવાથી વ્યાસજીએ ભાગવતની રચના કરી. ચાતુર્માસની અંદર ભાગવત અવશ્ય સાંભળવું જોઈએ. પરિક્ષીત રાજા શુકદેવજી મહારાજને શરણે ગયા તો તેણે મૃત્યુના મુખથી બચાવી લીધા પણ કયારે ? ગુરુની આજ્ઞાનું પાલન કર્યું પછી શુકદેવજી વારંવાર કહે છે કે હવે તારે શું સાંભળવું છે. તો કહે કે મારે કાંઈ સાંભળવું નથી હું બ્રહ્મ સ્વરૂપ છું.

ગુરુ પૂર્ણિમામાં એટલા દુર દુરથી આપણે આવ્યા છીએ એમાં પણ માધવાનંદજી મહારાજની જન્મભૂમિ છે. ભૂમિનું મહાત્મ્ય બહુ હોય છે. સેવા તો કરવાની જ છે. તો ખૂબ પ્રેમથી સેવા કરજો ભાવથી, પ્રેમથી આસ્થાથી આ ભૂમિમાં આવવું અને કથા સાંભળીને જીવનનું કલ્યાણ કરીએ એ જ પ્રભુ પાસે પ્રાર્થના...

ૐ પૂર્ણમદઃ....

**પ.પૂ.માધવપીઠાધીશ્વર સ્વામીજી મહારાજશ્રી**

પ્રિય સજ્જનો,

પરમ કૃપાળુ પરમાત્માની મહતી અનુકંપાથી આજે ગુરુપૂર્ણિમાનો દિવસ છે. આજે કોઈએ દ્રષ્ટાત્મક કોઈએ ભાવાત્મક ને કોઈએ ક્રિયાત્મક પૂજા કરી. શાસ્ત્રોમાં કહ્યું છે કે ચૌદલોકમાં જેટલા દેવતા છે તેની પૂજા કરવાની હોય તો તે કયાં કયાં બીરાજમાન છે. ત્યાં જવું પડે અને કેટલો સમય જાય...! જેને માટે શાસ્ત્રકારો કહે છે કે તેત્રીસ કરોડ દેવતાં નું પૂજન કરવાથી જે લાભ થાય જે ફળ પ્રાપ્ત થાય તે ગુરુના શરણોનું પૂજન કરવાથી થાય છે. બધા તીર્થો ગુરુના જમણા શરણના અંગુઠામાં છે.

**ગુરુપદ પંકજ પૂજતા, ચૌદે લોક પૂજાય,**
**શિવ વિરંશીને શારદા, ગુરુના જશ ગાય,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી...**

ચૌદ લોકના દેવતાનું પૂજન કરવાથી જે ફળ મળે એ ગુરુનું પૂજન કરીને એ ફળ આપણે પ્રાપ્ત કર્યુ.

ગુરુ કહે છે કે બ્રહ્મ પ્રત્યક્ષ છે ને પોતાના હૃદયની અંદર છે પણ આપણે એને જોઈ શકતા નથી કેમ ?...અંતઃ કરણ મલિન છે. ગુરુનું પૂજન કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય તો ગુરુનું જ્ઞાન અંદર ઉતરે કે-

**ચૌદશ એક ચરાચર રે, અખંડ અવિનાશી**
**બાહ્યર ભીતર ભરીયા રે, જુઓ તનમાં તપાસી**
**પૂનમે પરમાત્મા રે, પૂરણ કરી પેખો**
**એમ વસે પ્રભુ સૌમાં રે, હસ્તામલ દેખો..**

હાથમાં જેમ આમળુ રાખવામાં આવે ને ચોખ્ખું દેખાય એમ પરમાત્મા પ્રત્યક્ષ છે પણ અંતઃકરણ શુદ્ધ બને તો જ્ઞાન અંદર ઉતરે પરમાત્મા હૃદયમાં છે પરમાત્મા પૂર્ણ છે. એવી કોઈ જગ્યા નથી કે જયાં તે ન હોય. દેશકૃત, કાલકૃત, વસ્તુકૃત પરમાત્મા અપરિછિન્ન છે. પરમાત્મા સર્વત્ર છે. પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની જગ્યા પોતાનું અંતઃકરણ છે. પણ એ દ્રષ્ટિ હોવી જોઈએ. આંખ તો બધા પાસે છે પણ દ્રષ્ટિ નથી. વેદો કહે છે કે **'દ્રષ્ટિ જ્ઞાન મયિં કૃત્વા, પશ્યેદ્ બ્રહ્મમયં જગત્'** જો દ્રષ્ટિ બદલાય તો સર્વત્ર બ્રહ્મ દેખાય. બધામાં એક જ ચૈતન્ય બ્રહ્મ તત્ત્વ રહેલું છે પણ એના માટે **'દ્રશ્યતે ત્વગ્રયા બુદ્ધયા સુક્ષ્મયા સૂક્ષ્મ દર્શિભીઃ'** ગુરુ શ્રેષ્ઠ છે. ગુરુ કરતાં વિશેષ કાંઈ નથી. શ્રી શંકરાચાર્યજીએ ષટકની અંદર કહ્યું છે કે આ જગતમાં ગુરુની સમાન કોઈ નથી. સદ્ગુરુની સમાન આજ સુધી જગતમાં કોઈ દ્રષ્ટાંત નથી. પારસમણી છે એ શું કરે ? લોઢાને સ્પર્શ કરે તો લોઢાને સોનું બનાવે પણ યાદ રાખજો કે એ પારસમણી ન બનાવે અને સ્પર્શ કરો તો જ બનાવે જો એને કપડામાં વીટીને લોઢાના ડબામાં મૂકી દો તો ન બનાવે કારણ કે આડુ આવરણ આવી ગયું. પણ જયારે સદ્ગુરુ પોતાના શિષ્યને સ્પર્શ પણ કરતા નથી છતાં સમકક્ષ બનાવે છે. એ જ ગુરુની મહિમા છે. મહાનતા છે વિશેષતા છે ગુરુ અલૌકીક છે.

છે પોતાના હૃદયની અંદર એ બધા જાણીએ છીએ તો પછી ગુરુની પાસે જવાની જરૂર નથી. પણ આપણને પાકુ થયું નથી. નવું કાંઈ નથી ઈનું ઈજ કહેવામાં આવશે કે 'તે તું છો' 'તું જ બ્રહ્મ છો'.

શુકદેવજી પરિક્ષિત રાજાને કહે છે કે હવે કાંઈ સાંભળવું છે ? તો કહે કે તમારી કૃપાથી, તમે મને મુક્ત બનાવી દીધો બધુ જ બ્રહ્મરૂપ છે અને તક્ષકમાં પણ બ્રહ્મનું જ સ્વરૂપ છે. તો પરિક્ષીત રાજાને શાપ હતો. એ દ્રષ્ટાંત છે. પણ કાળ છે એ તક્ષક નાગ જ છે અને તે અવશ્ય આવશે જ પણ બુદ્ધિમાં દ્રઢ કરવાનું છે કે કાળમાં પણ બ્રહ્મ છે. ગીતામાં વિભૂતિ યોગમાં ભગવાન કહે છે કે કાળ હું જ છું પણ ભગવાન કોઈ દિવસ નિમિત્ત બનતા નથી પણ આપણને નિમિત્ત બનાવે છે. હારવું જીતવું કોના હાથમાં છે ? આ જગતમાં પરબ્રહ્મ પરમાત્માએ આપણને નિમિત્ત બનાવ્યા છે અને આપણને બધી જ શક્તિઓ આપી છે તેનો સદુપયોગ કરવા માટે આપણને નિમિત્ત બનાવ્યા છે. ગુરુ પૂર્ણિમાનો દિવસ છે તો સારું કરવા સંકલ્પ કરવો. પગથી સારું કરો. હાથથી સારું કરો. શરીરને સારામાં વાપરો તો સદુપયોગ કર્યો કહેવાય. શરીરને મોળામાં વાપરો તો દુરુપયોગ કહેવાય અને વાપરો જ નહી તો અનુપયોગ કહેવાય.

શાસ્ત્રકારો કહે છે કે પૂર્ણિમામાં ચંદ્રમાં સોળે કળાએ ખીલે છે અને જીવોને શીતળતા પ્રદાન કરે છે. કમલીની સરોવરની અંદર હોય અને આકાશમાં ચંદ્રમા હોય અને તે ખીલી ઊઠે કારણ કે કમલીનીને ચંદ્રમાની અંદર પ્રેમ છે. હજારો યોજન અંતર છે એમ

પરમાત્માની અંદર પ્રેમ હોવો જોઈએ પ્રેમ હોય તો દુરી ગમે એટલી હોય તોય દેખાતી નથી. ધ્રુવજીને પરમાત્માની અંદર પ્રેમ હતો પ્રહલાદજીને પરમાત્મામાં પ્રેમ હતો ભારતીય સંસ્કૃતિ દિવ્ય છે. **'સર્વત્રઃ સુખીનઃ સન્તુ....'** જગતની અંદર જીવ માત્ર સુખી થઈ શકે એ ભારતીય સંસ્કૃતિની ભાવના છે. જ્યાં સુધી અલ્પજ્ઞપણું છે ત્યાં સુધી વ્યાપક ભાવ આવી શકતો નથી. **'યાદ્રશી ભાવના યસ્ય સિદ્ધિ ર્ભવતિ તાદ્રશી'** જેવી ભાવના હોય તેવું ફળ મળે છે ભારતીય સંસ્કૃતિ અમર છે દિવ્ય છે તે જીવનમાં ઉતારવાને માટે યોગ્ય છે જગતમાં જેટલા જીવો છે બધાને માટે ધારણ કરવા યોગ્ય છે.

આજે ગુરુપૂર્ણિમાનો પવિત્ર દિવસ છે જે નિમિત્તે એકત્ર થયા છીએ અને સાચો લાભ લેવો હોય તો પૂ.સ્વામીજી મહારાજ પણ કહેતા હતા કે-

**વ્હેમ અને વ્યસનોને છોડી દુરીજનોની પ્રિતિ તોડી**
**સંત પુરુષનો સંગ કરીને, જ્ઞાન ગંગામાં નાંતો જા**
**આવ્યો છે તું આ સંસારે, જન્મ સફળ તું કરતો જા**

તો પરબ્રહ્મ પરમાત્મા સર્વને શરીરથી સ્વસ્થ બનાવે, મનથી સાત્વિક બનાવે જન્મ મરણના ચક્રથી મુક્ત બનાવે....

સર્વત્રઃ સુખીનઃ....

# અભાવની પૂર્તિ

લેખક – શિવ

**॥ જય સચ્ચિદાનંદ ॥**

કોઈ એક વસ્તુનો અભાવ જણાવાથી માણસ તેને મેળવવા માટે પ્રયત્ન કરે છે. કયારેક તે પ્રાપ્ત થાય છે અને કયારેક નથી થતી. જો પ્રાપ્ત થાય છે તો, જયાં સુધી બીજી વસ્તુના અભાવનો અનુભવ નથી થતો ત્યાં સુધી, ઘડીભરને માટે, તેના હૈયામાં આનંદ થાય છે અને નથી પ્રાપ્ત થતી તો મનમાં દુઃખ થાય છે.

મળ્યા પછીં તેનો નાશ થવાથી શોકની માત્રામાં વધારો થાય છે અને ચાહનાની ચિંતારૂપી ચિંતા ચોવીસે કલાક માટે ચિત્તમાં સતત ધગધગતી રહે છે.

કોઈ એક વસ્તુનો અભાવ દૂર કરવા માટે જે જે ઉપાયો અજમાવવામાં આવે છે તે ઉપાયો અજમાવવામાં પણ, વચ્ચે વચ્ચે ગ્રહોની મહાદશામાં આવતી અંતર્દશાની જેમ, નવાનવા અભાવો ઉત્પન્ન થયા કરે છે; જેની પૂર્તિ-અપૂર્તિના હર્ષ-શોકનું ચક્ર પણ ઘૂમતું જ રહે છે.

જ્યાં સુધી અભાવ નહિ થાય ત્યાં સુધી દુઃખરૂપી ઝાડનું મૂળ નિર્મૂળ નહિ થાય.

મનુષ્યની એ જ મોટી મુર્ખાઈ છે કે, એક-એક અભાવનો અનુભવ જ ન થાય અને કોઈ અભાવને સંતોષવાની ઈચ્છા જ ન પ્રગટે તો તમામ ગરબડ આપોઆપ શાન્ત થઈ જાય, જેના હૃદયમાં ચાહના નથી તે જ સાચો શહેનશાહ છે.

આથી જ 'ભક્તકુળના દાદા' પ્રહલાદે ભગવાન પાસે એવું વરદાન માગ્યું હતું કે 'મારા મનમાં માગવાની ઈચ્છા કયારેય ઉત્પન્ન થાય જ નહિ.'

અભાવોની પૂર્તિ કરીને કોઈ પણ વ્યક્તિ અભાવોને પૂર્ણ કરી શકતી નથી. કેમકે, અભાવોની પૂર્તિની સાથે સાથે, લોહીનાં બિંદુઓમાંથી પ્રગટતા રાક્ષસોની જેમ નવાનવા અભાવોની સૃષ્ટિનું સર્જન કાળાન્તરે પણ બંધ થતું નથી.

કામરૂપી અગ્નિમાં વિષયભોગરૂપી ઘીની આહુતિ પડવાથી તે કદાપિ બુઝાવાનો નથી. જેમ જેમ આહુતિ અપાતી જશે તેમતેમ અગ્નિનો ભડકો પ્રચંડ બનતો જશે.

માટે અભાવની ઉત્પત્તિનું મૂળ ઝરણું તદન બંધ થઈ જવું જોઈએ. કામના ઉત્પન્ન નહિ થાય તો ભવિષ્યનાં તમામ પ્રપંચો-પાપોનો આપમેળે અંત આવી જશે.

માટે, અભાવની પૂર્તિના પ્રપંચમાં ન પડતાં, અભાવનો જ અભાવ કરી નાખો. જે નિત્ય, પૂર્ણ, શાન્ત, એકરસ, સર્વગત, અચળ, જ્ઞાનસ્વરૂપ, સર્વનો

આદિ, મધ્ય અને અંત; સર્વગુણાધાર અને સર્વેશ્વર્યમય છે તેને પામવાથી જ તમામ અભાવ દૂર થાય છે. આવી વસ્તુ એક ભગવાન જ છે. મહામહિમાવાન ભગવાનના મહત્ત્વને જાણ્યા પછી એવો કોઈ માણસ નહિ હોય, કે જે ભગવાનથી વિમુખ થઈને બીજી વસ્તુ તરફ નજર નાખે. ભગવાનને મેળવવાના જ્ઞાન યા અજ્ઞાનને લીધે જ આપણે, તમામ અભાવોનાં બીજોનો નાશ કરનાર, નિત્ય પરમ મિત્ર અને પરમ ધનથી વંચિત રહીને અનેકવિધ આફતોને આમંત્રણ આપી રહ્યા છીએ.

## દ્રષ્ટાંત કથા

રજુ. મધુબેન ડી. બોઘરા

**॥ જય સચ્ચિદાનંદ ॥**

મહાભારતમાં એક કથા આવે છે. ભગવાન શ્રી કૃષ્ણએ પ્રતિજ્ઞા કરેલી કે 'હું યુદ્ધમાં હથિયાર નહીં ઉપાડું.' યાને યુદ્ધમાં જેના પણ પક્ષમાં રહીશ, હાથમાં હથિયાર ધારણ નહીં કરૂં. આમ છતાં અર્જુને શ્રી કૃષ્ણને પોતાના પક્ષમાં માગી લીધા. હવે ભીષ્મ પિતામહને જાણ થઈ કે ભગવાન યુદ્ધમાં હથિયાર વિના લડવાના છે. તેથી ભીષ્મે સામે પ્રતિજ્ઞા કરી કે 'હું ભગવાનને હાથમાં હથિયાર ધારણ કરાવીશ.' હવે ભીષ્મ પિતામહે આવેશમાં આવી એવું યુદ્ધ કરવા લાગ્યા કે અર્જૂન ઘાયલ થવા લાગ્યો. પોતાના ભક્તને અર્જૂનને ઘાયલ થતો જોઈ, તેને બચાવવા ભગવાને રથના પૈડાને સુદર્શન ચક્રની જેમ ધારણ કર્યું. ભગવાનને સુદર્શન ચક્રની જેમ પૈડાને ધારણ કરેલું જોઈ ભીષ્મ પિતામહે હથિયાર મૂકી દીધા. લડવાનું બંધ કરી દીધું એટલે ભગવાને પણ પૈડાને છોડી દીધું. ભીષ્મ પિતામહ પણ ભગવાનના ભક્ત જ હતા. પોતાના ભક્તની પ્રતિજ્ઞા પળાવવા માટે ભગવાન શ્રી કૃષ્ણએ પોતાની પ્રતિજ્ઞા જતી કરી હતી.

આ કથા દ્રષ્ટાંતને પૂ.શ્રી ડોંગરે મહારાજ આ રીતે સમજાવે છે. ભીષ્મ એટલે ભયંકર. ભયંકર કોણ ? મન ભયંકર છે. અહીં ભીષ્મ એટલે મન. અર્જુન એ જીવાત્મા છે. મન આવેશ માં આવે ત્યારે સંકલ્પ-વિકલ્પરૂપી બાણનો વરસાદ વરસાવે છે, એટલે જીવાત્મા ઘાયલ થાય છે. જીવ ભગવાનની શરણાગતિ લે ત્યારે પરમાત્મા મનને શાંત કરે છે મનનો આવેશ ઓછો થાય છે. મનને એકદમ સંકલ્પ-વિકલ્પ રહીત કરવું કઠણ છે. આપણે એમ કરી શકતા નથી. પરંતુ મનને શુભ સંકલ્પો, પવિત્ર સંકલ્પો કરવામાં લગાડી તેની દિશા બદલાવી તેના વેગને ધીમો કરી શકાય.

માનવ જીવનની છેલ્લી પરીક્ષા મરણ છે. સંતો કહે છે જેનું જીવન સુધરે છે તેનું મરણ સુધરે છે. પ્રત્યેક ક્ષણ નો સદ્ઉપયોગ કરી જીવન સુધારી શકાય. કારણ કે, જીવન ક્ષણ-ક્ષણનું જ બનેલું છે. અણું-અણું ભેગા થાય તો પર્વત બને એ રીતે ક્ષણ ક્ષણ ભેગી મળી જીવન બનેલું છે. એવી એ ક્ષણને બગાડીએ નહીં. શુભ કાર્યથી, શુભ વિચારોથી, શુભ ચિંતનથી ભગવદ્ નામ સ્મરણથી પ્રત્યેક ક્ષણને સુધારીએ. મનુષ્ય પ્રયત્ન વિના ઈશ્વર કૃપા કરતાં નથી. સતકર્મ વ્યર્થ જતું નથી. અરે ! કોઈને ગાળ દીધી હોય તો તે પણ સામી આવે છે યા ને વ્યર્થ જતી નથી તો પછી સતકર્મ, પ્રભુ નામ સ્મરણ, ચિંતન વ્યર્થ કેવી રીતે જાય ? કર્મ પ્રધાન વિશ્વ પરમાત્માએ બતાવ્યું છે તેથી અહીં કોઈ કર્મ વ્યર્થ જતું નથી. પરમાત્માના ચરણનો દ્રઢ આશ્રય જીવને પાપ કર્મથી અવશ્ય બચાવે છે.

ભીષ્મ પિતામહ તેમના અંત સમયે શ્રી કૃષ્ણ ભગવાનને પૂછે છે "હે ભગવાન ! મેં જીવનમાં પાપ કર્યું નથી છતાં મને બાણ શૈયા પર સુવાની સજા કેમ થઈ ?" ભગવાન કહે છે "આપે પાપ કર્યુ નથી પરંતુ સભામાં પાપ થતું જોયું છે તેની આ સજા છે." ત્યાર બાદ ભીષ્મ પિતામહ અંતે સમયે ભગવાનને પ્રાર્થના કરે છે એ પ્રાર્થના આપણે પણ કરીએ કે "હે ઈશ્વર ! આપ મારા શરીર રથ ઉપર બિરાજો. મારા ઈન્દ્રિયરૂપી ઘોડાઓ કાબુ બહાર જાય તો તેને અટકાવજો. મે મારા શરીર રથની લગામ તમારા હાથમાં સોંપી છે. મારી ઈન્દ્રિયોને કબજે રાખો. મારો રથ સહી સલામત પાર ઉતારો."

# ફળનો હેતુ જ લક્ષમાં રાખીને કર્મ ના કરો

રજુ. ગોરધનભાઈ જે. ગાબાણી
પીપળીયા

**॥ જય સચ્ચિદાનંદ ॥**

આપણે જયારે કોઈ પણ કર્મ કરીએ છીએ. ત્યારે તેના કોઈક ચોક્કસ પરિણામ નજરમાં રાખીને જ કરીએ છીએ. આપણા ધાર્યા મુજબનું પરિણામ આવે. ત્યારે આપણે તે કર્મ સફળ થયું ગણીએ છીએ અને આપણા ધાર્યા મુજબનું ફળ ના આવે ત્યારે આપણે તે કર્મને નિષ્ફળ ગયું ગણીએ છીએ.

કોઈ પણ કર્મનાં બે પરિણામ હોઈ શકે : સફળતા અગર નિષ્ફળતા. ખરેખર તો કોઈ પણ કર્મ નિષ્ફળ હોતુંજનથી કોઈ પણ કર્મ કરો. તેનું ફળ મળવાનું જ. એટલે તમામ કર્મ સ-ફળ જ હોય છે. તમારા ધાર્યા મુજબનું પરિણામ ના આવે એટલે તમે તેને નિષ્ફળ થયું ગણો છો અને ત્યાં જ તમારી ભુલ થાય છે. કોઈ પણ કર્મ નિષ્ફળ (ફળ પેદા કર્યા સિવાય) જતું નથી. પરંતુ તે ફળ તમારી ધારણા પ્રમાણેનું જ આવે તેવી કોઈ ગેરંટી નથી. અગર તે કર્મ કરવાની પદ્ધતિમાં કયાંક દોષ સમજવો. ફળ તો ઈશ્વરના કાયદા મુજબ જ મળે અને કર્મનું ફળ આપવામાં કોઈ અન્યાય લાગવગશાહી ચાલે નહીં. કર્મ કરવાની શરૂઆતમાં, કર્મ કરતી વખતે અને કર્મ પૂરું થયા પછી પણ. જો તમે માત્ર ફળની ઉપર જ નજર રાખીને કરો તો તે કર્મ થવું જોઈએ તેટલા ઉત્તમ પ્રકારનું થાય જ નહી અને તેના પરિણામે તેનું ફળ તમારી ધારણા મુજબનું આવે નહીં.

એટલે ભગવાને ગીતામાં આજ્ઞા કરી છે કે મા કર્મફલ હેતુઃ ભુઃ માત કર્મના ફળનો જ હેતુ ધ્યાનમાં રાખીને તમે કર્મ કરો તો તે કર્મનું જે કાંઈ પણ ફળ આવે તેથી તમને લાભ થાય નહીં. એટલું જ નહીં. પરંતુ તેનાથી નુકસાન થાય. આ વાત બહુ સૂક્ષ્મ દ્રષ્ટિથી સમજવા જેવી છે.

જો ધારણા કરતાં ફળ ખરાબ મળે અગર ઓછું મળે તો-

૧. તમને મનમાં અત્યંત ગ્લાનિ થવાની.
૨. તમારૂં મન ડહોળાઈ જવાનું.
૩. ઈશ્વરની ન્યાયબુદ્ધિ વિષે તમને મનમાં શંકા ઉપજવાની.
૪. મને કર્મ કરતાં નથી આવડતું તેવી હીનતાની ભાવના ઊભી થવાની.
૫. ઈશ્વર આગળ હું લાચાર છું તેવો ભાવ થવાનો.
૬. હવે કર્મ કરવાનો કોઈ અર્થ નથી તેવી નિરાશા જન્મવાની.
૭. અને તેમાંથી કર્મ છોડી દેવાની વૃત્તિ ઉઠવાની. જો કર્મનું ફળ ધારણા કરતાં અનેક ગણું સારૂં મળ્યું તો પણ હાનિ થવાની જેમ કે-

૧. પોતાની કર્તૃત્વ શક્તિ માટે અહંકાર પેદા થવાનો.
૨. મળેલ ફળને લીધે અભિમાન થશે.
૩. હું ધારૂ તેવું કરી શકું છું તેવો ગર્વ થવાનો.
૪. ભવિષ્યમાં થતારાં બીજા કર્મોમાં રાખવી જોઈતી કાળજી ઘટી જવાની.

આમ બંને રીતે નુકસાન જ થાય છે. કર્મ તો ફળ આપ્યા સિવાય રહે જ નહીં. પરંતુ તે ફળ ભોગવતાં. તમારા મનનું સમત્ત્વ ગુમાવી બેસશો અને સમત્વં યોગ ઉચ્ચતે સમત્વ એટલે જ યોગ - એમ ભગવાને ગીતામાં કહ્યું છે. સમત્વ એટલે કે મનની સમતુલા - પ્રસન્નતા ગુમાવવી એ જ મોટામાં મોટું નુકસાન છે.

**''મા ફલેસુ કદાચન''** અને **''મા કર્મ ફલ હેતુર્ભઃ''** આ બે આજ્ઞાઓનો અર્થ ઉંડાણથી સમજવાની જરૂર છે. કર્મ કરતાં પહેલાં ફળનો બિલકુલ ખ્યાલ જ ન રાખવો અને કર્મ આંખો મીંચીને કીધે જ રાખવું એવો અર્થ પણ નથી ભગવાનની વાણી ઘણી જ ગર્ભિત અને અર્થપૂર્ણ છે. તેનો ઉપર છલ્લો અર્થ ન કરાય. સમજી વિચારીને તેનો અર્થ વ્યવહારમાં ઉપયોગી થાય તેવી રીતે ઘટાવવો જોઈએ. કર્મ કરતાં પહેલા ફળનો ખ્યાલ રાખવો પડે.
દાખલા તરીકે - કોઈ ખેડુત ખરા ઉનાળામાં જયાં પાણીની બિલકુલ સગવડ ના હોય તેવી તદ્દન ઉસળ અને ખરાબ જેવી ખારી જમીનમાં અનાજનું ઉત્તમ બી નાખે તો તે ધોમધખતા તાપમાં બળી જ જાય. કર્મના ફળનો વિચાર નહીં કરવો એનો અર્થ એવો છે કે કર્મના ફળમાં આસક્તિ-લોભ નહીં રાખવો. પરંતુ કર્મનું ઉત્તમ પ્રકારનું ફળ પ્રાપ્ત થાય તેવો સમજપૂર્વકનો પુરુષાર્થ તો કરવો જ જોઈએ.

ગીતામાં ફળત્યાગનો ઉપદેશ છે. એનો અર્થ એવો નથી કે ફળને ઉસેડી દેવું. કર્મનું ફળના મળવું

જોઈએ. અગર ના લેવું જોઈએ એવો ગીતાનો ઉપદેશ નથી ગીતા કહે છે કે કર્મ ફળ આપ્યા સિવાય છોડશે જ નહીં. મારે કર્મનું ફળ જોઈતું નથી એવું કોણ કહે ? ચોર વ્યભિચારી. દુષ્ટકર્મ કરનાર જ એમ કહે કે મારે કર્મનું ફળ (પાપ-દુઃખ) જોઈતું નથી પણ તે ના ચાલે. કર્મ તો ફળ આપે જ અને ભોગવવું જ પડે માટે ફળ મળશે તો જ કર્મ કરીશ એવા ખોટા ભ્રમણમાં ભટકવું નહીં.

**મારે કર્મ પણ કરવું નથી અને**
**ફળ પણ (જોઈતું) ભોગવવું નથી.**

આ તો નરાતર ઊંધાઈ અને અવળ ચંડાઈ જ કહેવાય. એટલે ભગવાને ચોથી આજ્ઞા કરી તે તુ સાંભળ. **મા તે સંગોऽસ્તુ અકર્મણિ** તારો અકર્મમાં સંગ ન થશો. કર્મનો સદંતર ત્યાગ થઈ શકે જ નહી. નાનો છોકરો કહે કે હું નિશાળે નહીં જાઉ મારે ભણવું પણ નથી અને ખાવું પણ નથી તો મા-બાપ અકળાઈ ઉઠે. મારે નોકરી પણ નથી કરવી અને પગાર પણ નથી જોઈતો. મારે વેપાર પણ નથી કરવો અને નફો પણ નથી જોઈતો. આવી વાહિયાત વાતો ના ચાલે. સુથાર કહે કે મારે સુથારીકામ નથી કરવું અને મજુરી પણ નથી જોઈતી. કડીયો, મોચી, દરજી બધા એક કહે કે અમારે કામ પણ કરવું નથી અને મજુરીના પૈસા પણ નથી જોઈતા તો આખો સમાજ મુશ્કેલીમાં મુકાઈ જાય અને અરાજકતા, અંધાધુંધી જ ફેલાય અને પ્રમાદ, આળસ. તમોગુણનું જોર વધી જાય. ભગવાને એટલા માટે કહ્યું કે

**નિયતં કુરુ કર્મ ત્વં, કર્મ જયાયો હિ અકર્મણઃ ।**
**શરીરયાત્રાऽપિ ચ તે, ન પ્રસિદ્ધયેત અકર્મણઃ ॥**

તારે તારૂં નિત્ય કર્મ કરવું જ પડશે અને તેમ નહીં કરું તો મારી શરીરયાત્રા પણ અટકી પડશે. કર્મનો સદંતર ત્યાગ કરવો તે તો વ્યક્તિને માટે તેમજ આખા સમાજને માટે ખતરનાક નિવડે છે.

## પૌઢ શિક્ષણ સમાચાર

**રણછોડભાઈ નાગજીભાઈ માંગુકીયા**
**દડવા**

આ અંકમાં વડીલોના સત્સંગ સમાચાર રજુ કરવામાં આવ્યા છે. જયારે ચાણોદ ૧૫ મી તિથી નિમિત્તે ભેગા થયા ત્યારે આ સમાચાર લખીને નીચે મુજબ રજુ કર્યા છે.

૧. હું ગામડાનો અભણ માણસ છું. મારે કાંઈક વાત કરવી છે કે જેમ ખેતરમાંથી-ખડ-નિંદામણ કરીને કાઢીએ છીએ એવી જ રીતે આ શરીરરૂપી ખેતરમાં પણ ખડ વધી ગયા છે. તો તે ખડ કામ-ક્રોધ-લોભ-ઈર્ષા-વેર-ઝેર-મારૂં-તારૂ-એ બધા ખડ રૂપી કચરો કાઢવાનો છે. દરેક વ્યક્તિએ પોતાના કર્મના ફળને હસતાં હસતાં ભોગવી લેવા આ સંસાર મુશ્કેલીઓનું જ ઘર છે. અહીં ડગલેને પગલે વિટંબણા ઓ આવે છે. સુખ દુઃખ તો આવ્યા જ કરે તેનો સામનો કરવાનો છે માટે કર્મ કરતી વખતે મનુષ્યે વિવેકથી કામ કરવું જોઈએ. આપણા સદ્‌ગુરૂ પાસે જઈને તે જ્ઞાનરૂપી સમજણ લઈને જીવનું કલ્યાણ કરી લેવું બસ સર્વોને મારા જય સચ્ચિદાનંદ.

૨. આપનો અનુભવ **મગનભાઈ રાઘવભાઈ ગોળકીયા (ચોગઠ)** :- હું પણ ૬૦ વર્ષ આસપાસનો છું. મારી પાસે અનુભવી જ્ઞાન છે. તે હું અહી રજુ કરૂં છું. જીવતાં આવડે તો જાહોજલાલી જિંદગી :-

જીવતા ન આવડે તો પાયમાલી જિંદગી :-

આવા તિથી રૂપી મહોત્સવમાં જીવન જીવવાની સાચી રીત માણસે શીખી લેવી જોઈએ. જીવન જીવતા જો આવડી જાય. તા ગમે તેવા પ્રતિકુળ સંજોગોમાં પણ માણસ સુખનું જીવન જીવી શકે. બીજાની ભૂલોને ભુલી જવી ને પોતાની ભૂલને સુધારવી સૌ સાથે મૈત્રી કેળવો. સૌની બને એટલી સેવા કરો. પરોપકાર કરો અને આળસ કાઢી નાખો સહન કરતાં શીખો. વડીલોને માન આપો. મોટું દીલ રાખો. થોડું જતું કરો. સૌની સાથે હળી મળીને રહો. સ્વાધ્યાય કરો. પઠન પાઠન કરો. પાછા ન પડો. ઉઠો જાગોને તમે તમારા ધ્યેયને પ્રાપ્ત કરો. ખરેખર તો સદ્‌ગુરૂજી શિષ્યને વ્હાલથી સમજાવતા હોય છે. પણ આપણે પાત્ર બનવાની જરૂર છે. લાયક બનશું તો જરૂર આપણું કલ્યાણ થશે થશે ને થશે. બસ ભૂલચૂક સુધારીને વાંચજો...

ભૂમિબેન અનિલભાઈ માંગુકીયા
દડવા (સુરત)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પરમ પૂજ્ય ક્ષોત્રીય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય મહામંડલેશ્વર સદ્‌ગુરૂદેવને મારા સાક્ષાત્ દંડવત પ્રણામ.....

**જયશ્રી સચ્ચિદાનંદ**

'ભીના કાચા વાંસને સરળતાથી વાળી ઘુમાવી શકાય છે, પરંતુ સુકાઈ ગયા પછી તે વળતો નથી, તૂટી જાય છે. તેમ નાની ઉંમરમાં મનને સંભાળી સુધારી શકાય છે ઘડપણમા તો જડતા જકડી લે છે, પછી તો ન આદતો બદલય છે અને ન તો ઈચ્છાઓ સુધરે છે.'

-રામકૃષ્ણ પરમહંસ

આ ઉપદેશ શાળાના એક શિક્ષકના વાંચવામાં આવ્યો અને એના મનમાં ગુટખા-તમાકુ-ધુમ્રપાનને લીધે થઈ રહેલી ઊગતી પેઢીની બરબાદીના જટીલ પ્રશ્નો અંગે કંઈક કરી છુટવાની ભાવના જાગી.

શાળાના વિદ્યાર્થીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં લઈ જઈ ત્યાં ગુટખાં-તમાકુ-ધુમ્રપાનને લીધે કેન્સરથી પીડાતા દર્દીઓની સીધી મુલાકાત કરાવવામાં આવે તો, તેમની દર્દ ભરી કથા-વ્યથા રૂબરૂ સાંભળી, તેમની બદતર હાલત જોઈ ભયભીત થઈ વિદ્યાર્થીઓની નાની ઉંમરે ગુટખા ખાતા અટકે એવી શુભભાવનાનું પવિત્ર ઝરણું શિક્ષકના હૈયામાં વહેવા લાગ્યું. આવી ભાવના માટે તો ચિત્રભાનું જેવા ધર્માત્માઓએ યોગ્ય જ કહ્યું છે કે...

**''મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરો;**
**શુભ થાઓ આ સકળ વિશ્વનું,એવિ ભાવના નિત્ય રહે,**
**માર્ગ ભૂલેલા જીવન-પથિકને,માર્ગ ચીંધવા ઊભો રહું,**
**કરે ઉપેક્ષાએ મારગની, તોય સમતા હું ચિત્ત ધરું''**

અને આચાર્યશ્રીની સહમતી મેળવી આઠ નવ અને દસમાં ધોરણના વિદ્યાર્થીઓને ૩૧ મી મે-વિશ્વ તમાકુ વિરોધ દિનના દિવસે કેન્સર હોસ્પિટલની મુલાકાતે લઈ જવાય. ત્યાં જઈ શિક્ષકોએ બાળકોને લઈ આવવાનો શું ઉદ્દેશય છે તે જણાવતા ડોક્ટરોએ એમની સાથે રહી કેન્સરના દર્દીઓ સાથે મુલાકાત ગોઠવી આપી.

એક દર્દી જોરજોરથી ઉધરસ ખાઈ રહ્યો હતો. તેની પાસે સૌ ગયા. તેને કેન્સર હોસ્પિટલમાં દાખલ થવાનું કારણ પૂછવામાં આવતા ગળગળા અવાજે તે બોલ્યો, 'મને ગળાનું કેન્સર થયું છે. રાત દિવસ આમ જ ખૂ...ખૂ...ખૂ...' ઉધરસ ખાધા કરૂં છું. રાત્રે કોઈને ઊંઘવા દેતો નથી. ઉધરસ ખાતા ખાતા મહા પ્રયત્ને એકાદ ગળફો નીકળે છે. મોં પૂરૂં ખુલતુ નથી. ગળે કોળીયો પણ જેમતેમ કરી ઊતારું છું. ખોરાક સ્વાદ વિહીન લાગે છે. સામાન્ય તીખો ખોરાક પણ ખાઈ શકતો નથી. શ્વાસ ગંધાય છે. ગાલની અંદરની ચામડી જાડી અને બરછટ બની ગઈ છે. ગળામાં સુકારો અને કાકડાનો સોજો રહે છે. અવાજ ખોખરો થઈ ગયો છે. જીભ પર સફેદ છારીના થઈ બાજી ગયા છે. જીભ પૂરી બહાર કાઢી શકાતી નથી. મોઢું ચીકણું રહે છે, વારંવાર થુક થુક કરવું પડે છે. મોઢામા, ગળામાં, જીભ પર, હોઠ પર ચાંદા પડી ગયા છે. ડોક્ટર કહે છે કે સ્વરપેટી ઓપરેશન કરી કાપી નાખવી પડશે કારણ કે સ્વરપેટીનું કેન્સર છે. પછી મારે બોલવું હશે તોપણ બોલી શકવાનો નથી ! ગુટખાનો અજગર-ભરડો મારા અવાજને કાયમ માટે છીનવી લેવાનો છે. માટે ગુટખા ખાવાથી શું શું થાય છે તે હાલ મારી પાસેથી આ થોડું બોલાય છે ત્યાં સુધી જાણી લો. એમ કહેતાં કહેતાં દર્દી રડી પડયો !

શિક્ષકે દર્દીને થોડુંક પાણી પાયું. કળ વળતા વળી પાછો દર્દી કહેવા લાગ્યો, 'મને કેન્સર થવાનું કારણ ગુટખા છે. ગુટખાનો હું ભારે શોખીન !'

'હું રોજના પંદર-વીસ ગુટખા તો ખાઈ જતો. ભમરડામાં જેમ દોરી વિંટાઈ જાય તેમ ગુટખા મને વિંટળાઈ ગયા હતા. મારી પત્ની અને બાળકો ગુટખા ન ખાવા મને ખૂબ સમજાવતાં પણ, હું કોઈનું કહેવું માનતો નહી !'

મારા સારા મિત્રો પણ મને કહેતા : 'મોતના મસાલાથી ભરપૂર-આ ઝેરના રંગબેરંગી પડીકા-ગુટખા મોઢામાં ચગળવાનું છોડી દે, તું ગુટખા નથી ચાવી રહ્યો પણ ગુટખા તને ચાવી રહ્યા છે. ગુટખાની પડીકીમાં તારું મોત ખખડી રહ્યું છે.'

'મિત્રોની આ સલાહના જવાબમાં હું સમય સમય પર કેવી ખોટી દલીલો કરતો એ જાણો'

- આટલા બધા લોકો ગુટખા ખાય છે, તેમને કયાં કેન્સર થયું છે ? તે મને થશે !
- પેથાભાઈને કોઈ વ્યસન ન હતું, ખૂબ જ સાત્વિક જીવન જીવતા હતા, છતા કેન્સર થયું.
- હું કેટલાય વર્ષોથી ગુટખા ખાવ છું, હજી કશું થયું નથી તો, હવે શું થવાનું છે ?
- જીવનનો ઉદ્દેશ છે - આનંદની પ્રાપ્તિ અને

ગુટખા-થી ખૂબ જ આનંદ મળે છે. એને હું શા માટે છોડું ?
- સ્ફૂર્તિ મેળવવા ગુટખા ખાઉં છું.
- ગુટખા ખાવાનું છોડી દેવાનો પ્રયાસ કર્યો ત્યારે જાણે હું એકલો પડી ગયો હોય તેવું મહેસૂસ કરતો.
- હું તો દાતની કસરત માટે ગુટખા ખાઉં છું.
- મોત લખ્યું હશે ત્યારે આવશે જ, કોઈ જ રોકવાવાળું નથી. તો ગુટખા ખાઈ આજનો આનંદ શા માટે ન લુટું ?
- ગુટખાથી તો મારું મનોરંજન થાય છે.
- ટાઈમ પાસ કરવા માટે ખાઉં છું.
- એકલું કમાયા કરીએ તો ન ચાલે, કાંઈક ખર્ચો તો રાખવો જોઈએને ? માટે ગુટખા ખાઉં છું.
- ગુટખા ખાધા વગર કામમાં એકાગ્ર થવાતુ નથી માટે ખાઉં છું.
- આવા ખરાબ સમયમાં જીવીને કરવું છે શું ? મોત વહેલું આવે તેટલું સારું માટે ગુટખા ખાવ છું.
- હું તો ડ્રાઈવીંગ કરતા કરતા સુસ્તી-ઉંઘ ઉડાડવા ગુટખા ખાઉં છું.
- સવારે ખુલાસા બંધ ઝાડો થાય છે માટે ગુટખા ખાઉં છું.
- દાંતનું દર્દ થતું હતુ ત્યારે ગુટખા ખાવાનું ચાલુ કરેલું તે પછી દાંતનું દર્દ ગાયબ.
- પેટમાં આફરો, ગેસ, અપચો, કબજિયાત ન રહે એટલા માટે ગુટખા ખાઉં છું.

આવી તો વજુદ વગરની અને બાલીશ અનેક દલીલો કરનારને દલીલોએ ન બચાવ્યો અને હું ગુટખાને કારણે જ કેન્સર હોસ્પિટલમાં છું. નથી મરી શકતો કે નથી સારી રીતે જીવી શકતો એવી, બદતર હાલતમાં અહી અસહ્ય જીવનનો ભાર વેંઢારી રહ્યો છું. કોઈકે કહ્યું છે કે 'ગુટખા ખાયે ઘડી-ઘડી, મુખસે બદબૂ આયે સડી-સડી' જે મને લાગુ પડે છે. મારો પહેલાનો બધો જ વટ ખરી પડયો છે. અહંકાર ધૂળ ચાળતો થઈ ગયો છે. કહેવાતી ગૌરવ-ગરીમાના ચૂરેચૂરા થઈ ગયા છે. ખાંસી આવે ત્યારે ધરતી કંપની જેમ ખાટલો હાલી ઊઠે છે.

પાછા વળવા માટે હવે મારે માટે ઘણુ જ મોડું થઈ ગયું છે. હું પત્ની, બાળકો તરફની મારી જવાબદારીઓ અદા કર્યા પહેલા આ દુનિયા છોડી દેવાનો છું તે તો નક્કી જ છે. ગુટખાનો આનંદ મને તો ખૂબ જ ભારે પડી ગયો પણ તમને તે ભારે ન પડે તે માટે કોઈક કવિની પંક્તિઓ મને યાદ આવે છે તે હંમેશા યાદ રાખજો...

**'ભોગનો ભોગી થતાં ચેતજે ઓ બે ખબર,**
**કાળા કોદાળા વડે ખોદી રહ્યો છે તું જ કબર.'**

## ૐ ગં ગણપતયે નમઃ

કનુભાઈ બી. ઠાકર
સિધ્ધપુર

**ૐ વિશ્વાનિ દેવ સવિતર્ દુરિતાનો**
**પરા સુવ યદ્ ભદ્રચં તન્નઃ આ સુવ ॥**

હે સવિતા બધા જ પાપોને દૂર કરો, જેમાં અમારું કલ્યાણ હોય તે બધું અમારી પાસે લાવો. પ્રથમ તો ઈશ્વર મેળવવાની તીવ્ર જિજ્ઞાસા અને અભીપ્સા જગવવી પડે છે. તે માટે નીચે મુજબની પ્રાર્થના પ્રભુને કરો : "પ્રભુ આ શરીર જે પંચપ્રાણ નિર્માણ કરેલું ઘર છે અને જે ઈશ્વરને રહેવા માટે (અમૃત) તૈયાર થઈ રહ્યું છે. તે તો હજી નાશવંત જ છે. તેથી તે નાશ પામે તે પહેલાં ઈશ્વર જ મારા સ્વરૂપ દ્વારા પોતાની અભિવ્યક્તિ સ્વરૂપ જે યજ્ઞ શરૂ કર્યો છે તેને ધ્યાનમાં લઈ (ક્રતો સ્મર) અને જે કાંઈ અત્યાર સુધી તેને માટે પ્રયત્ન કર્યો છે તેને ધ્યાનમાં લઈ (કૃતંસ્મર) જે અભિવ્યક્તિનો યજ્ઞ અધૂરો રહ્યો છે, તેને આગળ ધપાવવો જરૂરી છે. તે માટે ઈશ્વરનાં અંશ સ્વરૂપ આત્મા હૃદયમાં ચૈત્ય-અગ્નિ તરીકે બિરાજેલ છે જ તેની મદદ લેવી જરૂરી છે. મારામાં ચૈત્ય અગ્નિ સ્વરૂપ હે ઈશ્વર, અમને અમારા નિયોજિત વિકાસના માર્ગે જ (સૂપૃથે) લઈ જાઓ. અમારા વ્યક્તિત્વ સ્વરૂપ વિશ્વના તો આપ પૂરેપૂરા જાણકાર છો. અમારા વિકાસમાં આવતા બધા અવરોધોનો આપ સંઘર્ષ કરો નાશ કરો. આ ભૌતિક જીવનમાં અટવાયેલા અમે આપને વંદન કરતાં કરતાં (ભૂપિષ્ઠાં) સાચા દિલથી પ્રાર્થના કરીએ છીએ કે અમને ઉપર મુજબના રાહે ચાલવાની ક્ષમતા આપો. (અગ્નેનય સુપથા રાયે) અસ્માન્ વિશ્વાન્ દેવ વયુનાનિ વિદ્યાન ॥ યુપોધસ્વ જુહરાણમેનો ભૂયિષ્ઠાં તે નમ ઉક્તિં વિદોમ ॥"

આ રીતે તીવ્ર અભીપ્સા જાગૃત થતા જ આપણા હૃદયમાંનો ચૈત્યપુરુષ પોતે અગ્રભાગે આવીને આપણી સાધનાનું સુકાન હાથમાં લેશે અને આપણા સાધનાના માર્ગને નિષ્કંટક કરશે જેથી આપણે ઈશ્વર સાથે એકરૂપતા સાધી ઉપર જણાવેલો સમન્વય કરી શકીશું અને પ્રભુના યજ્ઞને સફળ બનાવી શકીશું (શ્રી અરવિન્દનું) દિવ્ય જીવન એ મૂળતઃ ઈશોપનિષદ ઉપરોક્ત વિચારો ઉપર જ મૂળતઃ શ્રી અરવિન્દના પૂર્ણયોગનો પાયો ઊભો છે.

# ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ

ભગવાનભાઈ છગનભાઈ ભલાણી
વલ્લભીપુર

॥ જય સચ્ચિદાનંદ ॥

ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ શું છે ? એ બતાવું છું.

'આ' - રૂપને કારણે દેખાતા આ શરીરને 'ક્ષેત્ર' એવા નામથી કહેવાય છે અને એ ક્ષેત્રને જે જાણે છે, તેને જ્ઞાનીજનો 'ક્ષેત્રજ્ઞ' એવા નામથી કહે છે.

ક્ષેત્ર શું છે અને ક્ષેત્રજ્ઞ શું છે - આનો જેને બોધ થઈ ગયો છે એવા તત્ત્વજ્ઞ મહાપુરુષો આ જીવાત્માને 'ક્ષેત્રજ્ઞ' નામથી કહે છે. તાત્પર્ય એ છે કે ક્ષેત્રની તરફ દ્રષ્ટિ રહેવાથી અને ક્ષેત્રની સાથે સંબંધ રહેવાથી જ આ જીવાત્માને 'ક્ષેત્રજ્ઞ' કહે છે. જો આ જીવાત્મા ક્ષેત્રની સાથે સંબંધ ના રાખે, તો પછી તેની 'ક્ષેત્રજ્ઞ' સંજ્ઞા નહિ રહે, એ પરમાત્મ સ્વરૂપ થઈ જશે.

એ નિયમ છે કે જયાંથી બંધન થાય છે, ત્યાંથી ખોલવાથી જ બંધનથી છુટકારો થઈ શકે છે. આથી મનુષ્ય શરીરથી બંધન થાય છે અને મનુષ્ય શરીરના દ્વારા જ બંધનથી મુક્તિ થઈ શકે છે. જો મનુષ્યનો પોતાનાં શરીરની સાથે કોઈ પ્રકારનો પણ અહંતા-મમતારૂપી સંબંધ ન રહે, તો તે સંસાર માત્રથી મુક્ત જ છે.

આથી ભગવાન શરીરની સાથે માનેલા અહંતા-મમતારૂપી સંબંધનો વિચ્છેદ કરવાને માટે શરીરને 'ક્ષેત્ર' બતાવીને તેને ઈદંતાથી, પૃથકતાથી જોવાને માટે કહી રહ્યા છે કે જે વાસ્તવમાં જાદુ જ છે. શરીરને ઈદંતાથી જોવું એ કેવળ પોતાનું કલ્યાણ ઈચ્છવાવાળા સાધકોને માટે જ નહિ, પરંતુ મનુષ્યમાત્રને માટે પરમ આવશ્યક છે, કારણ કે પોતાનો ઉધ્ધાર કરવાનો અધિકાર અને અવસર મનુષ્ય શરીરમાં જ છે.

'ઈદમ્'નો અર્થ છે 'આ' અર્થાત્ પોતાનાથી અલગ દેખાવાવાળું. સહુથી પહેલા દેખવામાં આવે છે-પૃથ્વી, જળ, તેજ, વાયુ તથા આકાશથી બનેલું આ સ્થુળ શરીર. આ શરીર દ્રશ્ય છે અને પરિવર્તનશીલ છે. આને દેખવાવાળાં નેત્રો છે, જેવી રીતે દ્રશ્યમાં રંગ, આકૃતિ, અવસ્થા, ઉપયોગ વગેરે બધાં જ બદલાતાં રહે છે, પરંતુ એમને દેખવાવાળાં નેત્રો એક જ રહે છે. એવી જ રીતે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધરૂપી વિષયો પણ બદલાતાં રહે છે, પરંતુ તેમને જાણવાવાળાં કાન, ત્વચા, નેત્ર, જિહ્‌વા (જીભ) અને નાસિકા એક જ રહે છે. જેવી રીતે આંખોથી બરાબર દેખાવું, ઓછું દેખાવું અને બિલકુલ ન દેખાવું એ નેત્રમાં થવાંવાળા પરિવર્તનો મન દ્વારા જાણી શકાય છે, એવી જ રીતે કાન, ત્વચા, જીહ્‌વા અને નાસિકામાં થવાવાળા પરિવર્તનો પણ મન દ્વારા જાણી શકાય છે. આથી પાંચેય ઈન્દ્રિયો પણ દ્રશ્ય છે.

ક્યારેક ક્ષુબ્ધ ક્યારેક શાંત, ક્યારેક સ્થિર અને ક્યારેક ચંચળ આ મનમાં થવાવાળા પરિવર્તનો બુદ્ધિ દ્વારા જાણી શકાય છે. આથી મન પણ દ્રશ્ય છે. ક્યારેક બરાબર સમજવું, ક્યારેક ઓછું સમજવું અને ક્યારેક બિલકુલ ન સમજવું. આ બુદ્ધિમાં થવાવાળા પરિવર્તનો પોતાના દ્વારા (જીવાત્માના) દ્વારા જાણી શકાય છે. આથી બુદ્ધિ પણ દ્રશ્ય છે. બુદ્ધિ વગેરેના દ્રષ્ટાંત સ્વયંમાં કદી પરિવર્તન થયું નથી, તે સદા એકરસ રહે છે. આથી તે કદી કોઈનું દ્રશ્ય નથી થઈ શકતો.

**''રૂપં દ્રશ્યં લોચનં દ્રક્ તદ્‌દ્રશ્યં દ્રક્ તુ માનસમ્ ।**
**દ્રશ્યા ધીવૃત્તયઃ સાક્ષી દૃગેવ ન તુ દ્રશ્યતે ॥''**

(દ્રગ્દ્રશ્યવિવેક-૧)

'સર્વ પ્રથમ નેત્ર દ્રશ્ય છે અને રૂપ દ્રશ્ય છે. પછી મન દ્રષ્ટા છે અને નેત્ર વગેરે ઈન્દ્રિયો દ્રશ્ય છે. પછી બુદ્ધિ દ્રષ્ટા છે અને મન દ્રશ્ય છે. અંતમાં બુદ્ધિની વૃત્તિઓનો પણ જે દ્રષ્ટા છે, તે સાક્ષી (સ્વયંપ્રકાશ આત્મા) કશાનો પણ દ્રશ્ય નથી.'

ઈન્દ્રિયો પોતપોતાના વિષયોને તો જાણી શકે છે, પરંતુ વિષયો પોતાનાથી પર સુક્ષ્મ, શ્રેષ્ઠ અને પ્રકાશક ઈન્દ્રિયોને નથી જાણી શકતા, આજ રીતે ઈન્દ્રિયો અને વિષયો મનને નથી જાણી શકતાં, મન, ઈન્દ્રિયો અને વિષયો બુદ્ધિને નથી જાણી શકતાં તથા બુદ્ધિ, મન, ઈન્દ્રિયો અને વિષયો પોતાને નથી જાણી શકતાં ન જાણવામાં મુખ્ય કારણ એ છે કે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ તો સાપેક્ષ દ્રષ્ટા છે. અર્થાત

એકબીજાની સહાયથી કેવળ પોતાનાથી સ્થુળ રૂપને દેખવાવાળાં છે, પરંતુ પોતે 'ક્ષેત્રજ્ઞ' (જીવાત્મા) શરીર, ઈન્દ્રિયો, મન અને બુદ્ધિથી અત્યંત સૂક્ષ્મ અને શ્રેષ્ઠ હોવાને કારણે નિરપેક્ષ દ્રષ્ટા છે. અર્થાત્ બીજા કોઈની સહાય વિના પોતે જ દેખવાવાળો છે, આથી પોતે જ વાસ્તવિક દ્રષ્ટા છે.

'ઈદમ્' ક્ષેત્રની અંતર્ગત અનંત બ્રહ્માંડ છે. અનંત બ્રહ્માંડોમાં જેટલાં પણ શરીર છે, તેમાં 'પરા' (જીવ) ક્ષેત્રજ્ઞ છે અને 'અપરા' (જગત) ક્ષેત્ર છે. જીવ, જગતને જાણવાવાળો અને પરમાત્માને માનવાવાળો છે. જાણવાવાળો વ્યાપક હોય છે. તેથી ક્ષેત્રજ્ઞના એક અંશમાં અનંત બ્રહ્માંડ છે. **'યેન સર્વમિંદ તતમ્'** સાધકે જાણવું જોઈએ કે હું ક્ષેત્ર નથી, બલ્કે ક્ષેત્રને જાણવાવાળો 'ક્ષેત્રજ્ઞ' છું.

દ્રશ્ય દ્રષ્ટાના કોઈ અંશમાં હોય છે, જેમ કે આંખથી સર્વ કાંઈ જોવા છતાં પણ આંખ ભરાઈ જતી નથી. તેથી વાસ્તવમાં આંખ દ્રશ્યથી પણ મોટી થઈ. બુદ્ધિથી કેટલીય વાતો જાણી લઈએ, પરંતુ બુદ્ધિ કયારેય ભરાઈ જતી નથી. ખાલી જ રહે છે. જેમ જેમ ભરીએ છીએ, તેમ તેમ ખાલી થાય છે. તેથી બુદ્ધિ મોટી થઈ. બ્રહ્માજીની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય પણ આપણી બુદ્ધિની જાણકારી અંતર્ગત છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ બધાં જ શરીર દ્રશ્ય છે. એ જ રીતે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ સંપૂર્ણ સૃષ્ટિ પણ દ્રશ્ય છે. આ સંપૂર્ણ દ્રશ્ય, દ્રષ્ટા (ક્ષેત્રજ્ઞ) ના કોઈ અંશમાં છે.

જેમ ધનના સંબંધથી મનુષ્ય 'ધનવાન' કહેવાય છે. પરંતુ ધનનો સંબંધ ન રહેતાં ધનવાન વ્યક્તિ તો રહે છે. પરંતુ તેની 'ધનવાન' સંજ્ઞા રહેતી નથી. એ જ પ્રમાણે ક્ષેત્રના સંબંધથી સ્વયં 'ક્ષેત્રજ્ઞ' કહેવાય છે. પરંતુ ક્ષેત્રનો સંબંધ ન રહેતાં 'ક્ષેત્રજ્ઞ સ્વયં તો રહે છે, પરંતુ તેની 'ક્ષેત્રજ્ઞ' સંજ્ઞા રહેતી નથી. તાત્પર્ય એ છે કે, એક જ ચિન્મય તત્ત્વ (સમજવાની દ્રષ્ટિએ) ક્ષેત્રના સંબંધથી ક્ષેત્રજ્ઞ, ક્ષરના સંબંધથી અક્ષર શરીરના સંબંધથી શરીરી, દ્રશ્યના સંબંધથી દ્રષ્ટા, સાક્ષ્યના સંબંધથી સાક્ષી અને કરણના સંબંધથી કર્તા કહેવાય છે. વાસ્તવમાં તે તત્ત્વનું કોઈ નામ નથી, તે માત્ર અનુભવ રૂપ છે.'

એ ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ શું છે એને બતાવે છે.

**ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિધ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત ।**
**ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્તજ્જ્ઞાનં મતં મમ ॥ ૨ ॥**

હે ભરતવંશમાં ઉત્પન્ન થયેલ અર્જુન ! (તું) બધાં ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ એટલે કે જીવાત્મા મને જ જાણ અને ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન છે. તે જ મારા મત પ્રમાણે જ્ઞાન છે.

અહીં 'વિધ્ધિ' પદ કહેવાનું તાત્પર્ય એ છે કે હે અર્જુન ! જેવી રીતે તું પોતાને શરીરમાં માને છે, એવી જ રીતે તું પોતાને મારામાં જાણ (માન) અને મને પોતાને માન. કારણ કે તે શરીરની સાથે જે એકતા માની રાખી છે, તેને છોડવાને માટે મારી સાથે એકતા માનવી એ બહુ જ આવશ્યક છે.

**સઘળાં ક્ષેત્રોમાં મને જ ક્ષેત્રજ્ઞ સમજ.**

જેવી રીતે અહીં ભગવાને 'ક્ષેત્રજ્ઞં ચ અપિ મામ વિધ્ધિ' પદોથી ક્ષેત્રજ્ઞની પોતાની સાથે એકતા બતાવી છે, એવી જ રીતે ગીતામાં અન્ય જગ્યાએ પણ એકતા બતાવી છે, જેમ કે બીજા અધ્યાયના સત્તરમાં શ્લોકમાં ભગવાને શરીરી (ક્ષેત્રજ્ઞ) ને માટે કહ્યું છે કે,

**'અવિનાશી તુ તધ્વિધ્ધિ યેન સર્વમિદં તતમ્'**

જેનાથી આ સકળ સંસાર વ્યાપ્ત છે, તેને તું અવિનાશી સમજ અને નવમા અધ્યાયના ચોથા શ્લોકમાં પોતાને માટે કહ્યું છે કે,

**'મયા તતમ્ ઈદં સર્વં જગત્ અવ્યક્તમૂર્તિના**
**મારાથી જ આ સકળ સંસાર વ્યાપત છે.'**

અહીં ભગવાને ક્ષેત્રજ્ઞની પોતાની સાથે એકતા બતાવી છે. અહીં 'વિધ્ધિ' પદથી આજ્ઞા આપે છે કે ક્ષેત્રજ્ઞ મારી સાથે એક છે, એવું સમજ.

'ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્તજ્જ્ઞાનં મતં મમં-ક્ષેત્ર -ની સકળ સંસારની સાથે એકતા છે અને ક્ષેત્રજ્ઞની (જીવાત્મા)ની મારી સાથે એકતા છે, આવું જે ક્ષેત્રક્ષેત્રજ્ઞનું જ્ઞાન છે, તે જ મારે મતે યથાર્થ 'જ્ઞાન' છે.'

ક્ષેત્રજ્ઞ અને બ્રહ્મ એક જ છે. એક ક્ષેત્રના સંબંધથી તે 'ક્ષેત્રજ્ઞ' છે અને સંપૂર્ણ ક્ષેત્રોના સંબંધથી રહિત થયાં તે 'બ્રહ્મ' છે. 'હું બ્રહ્મ છું' એવું દ્રઢ કર.

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

॥ જય સચ્ચિદાનંદ ॥

બ્રહ્માજીના પુત્ર નારદજી એક સમયે કઠિન તપ કરવા હિમાલય પર જાય છે. મુનિઓમાં નારદજી શ્રેષ્ઠ છે. બ્રહ્મપુત્રો નિત્ય આત્માની અંદર રમણ કરનારા એવા નારદજી હિમાલયની સુંદર જગાએ તપ કરવા બેઠા. હિમશૈલીની ગુફાએ રમણીય સ્થાન જ્યાં ધ્યાનમાં બેસવાથી સમાધિ લાગી જાય. સુર નદી ગંગાના તટ પર બેસી તપ કરવા લાગ્યા. ભગવાન શંકરની આંખો અર્ધબીડીત હોય છે. પૂરી ખુલ્લી નહીં ને પૂરી બંધ પણ નહિ. નારદજીએ કઠિન તપ કર્યું. દેવતાઓએ કામદેવને મોકલ્યા છે. આ ભૂમિ પર બેસી તપ કરે તેની પર કામનો પ્રભાવ પડતો નથી. ઋષિમુનિઓ દેવીદેવતાઓ બધા નારદજીનો જય જયકાર કરે છે. નારદજીની આંખ ખુલી ત્યાં તો સર્વદેવતાઓ નારદને શિવસમાન જોવે છે, નારદજીને શિવની ઉપમા આપી દીધી. જય જયકાર સાંભળી નારદજીના હૃદયમાં અહંકારનું બીજ રોપાયું. આપણા કોઈ વખાણ કરે તેમાંથી કંઈ શીખવા મળતું નથી અને આપણી કોઈ નિંદા કરે એમાંથી શીખવા મળે છે. આપણો મોટામાં મોટો કોઈ શત્રુ હોય તો એ અહંકાર છે. નારદજી જેવા જે શિવસમાન બન્યા છતાં પણ એમના હૃદયમાં અહંકાર આવ્યો છે. મૂર્ખતાનું પહેલું કોઈ સ્વરૂપ હોય તો એ અભિમાન છે. પત્થર થાળ જમીનમાં ફુલો ન ખીલે. સ્વામી વિવેકાનંદજી કહે કે જો આપણામાં અહંકાર નથી તો પુસ્તક વાંચ્યા વગર અને મંદીર ગયા વગર ફુલોના હાર પહેરાવે. અભિમાન ફરિશ્તાને શૈભન બનાવે છે અને નમ્રતા ઈન્સાનને ફરિશ્તા બનાવે છે. એક કીર્તનકારે કહ્યું અજ્ઞાન માણસને પ્રસન્ન કરવો એ સરળ અને જ્ઞાની માણસને પ્રસન્ન કરવો સરળ પણ જ્ઞાની અને અભિમાની હોય તેને સાક્ષાત્ બ્રહ્મા પણ પ્રસન્ન ન કરી શકે. દેહવાદી અભિમાન હોય છે, દેવવાદી નમ્ર હોય છે અને મહાદેવવાદી વિનમ્ર હોય છે. નારદજી ભગવાન મહાદેવની પાસે ગયા છે. ભગવાન બોલ્યા નારદ પધારો, નારદજી બોલ્યા કે દેવતાઓ મારી પ્રસંશા કરે છે કે હું તમારા જેવો સમાન બની ગયો. ભગવાન કહે તમે મારા સમાન બની ગયા. આ શ્લોક શિવલોકમાં મહાદેવ ખુદ બોલે છે. ભગવાન કહે કે નારદજી તમે મહાજ્ઞાની છો. તમે ધન્ય છો. તમે મારા વચન સાંભળો. તમે મને ભલે કહ્યું પણ આ તપની વાત વિષ્ણુને ન કરશો. નારદજી વાત ગોપ્ય રાખો ગુપ્ત રાખા. જેટલું ગુપ્ત છે તેટલું શ્રેષ્ઠ છે. આપ ધન્ય છો. આમ ભગવાન શિવે વિષ્ણુને કહેવાની ના પાડી. નારદજીને અભિમાન છે એટલે શિવને માનવા તૈયાર નથી. જે અભિમાની છે તેને રવરવના નરકની પ્રાપ્તિ થાય છે. એમ ગોસ્વામી કહે છે. સન્માન વધારે એ આપણું માન ઘટાડે છે. નારદજી તમે જયાં જયાં જાવ છો ત્યાં તમારી પાછળ તીર્થો આવે છે. નારદજી અભિમાની છે એમાં વિષ્ણુએ વખાણ કર્યા એટલે દીવામાં ઘી પુરાયું. દીપનું મુખ કાળું કેમ ? તો દીપનું પોષણ કોણ કરે ? તો ઘી. દીપનું જે પોષણ કરે છે એનું દીપ શોષણ કરે છે તેથી દીપનું મુખ હંમેશા કાળું હોય છે. આપણી પ્રસંશા નારદનો અહંકાર ફુલ્યો ફાલ્યો હમાય નહિ. નારદજીનો અહંકાર જોઈએ વિષ્ણુ ભગવાને આંખો બંધ કરી શિવને યાદ કરે છે. એટલે શિવજી કહે વિષ્ણુ રૂપ આપો, સ્વરૂપ ન આપો. માયાનગરમાં નારદ વિષ્ણુનું રૂપ લઈને જાય છે. વિશ્વ મોહિની વરમાળા તેમને પહેરાવે. પરંતુ ભગવાનના ગણો કહે છે હે નારદ તમે તમારા મુખ જુઓ. ગણો નારદને તેમની ઓળખાણ કરાવે છે તમે તલાવડીમાં તમારું મુખ જુઓ, વાંદરી જેવું છે. માણસ તેના ગુણથી પ્રિય લાગે છે. સાચો બળવાન તે છે કે જે પોતાના ક્રોધને કાબુમાં રાખે છે. તમારું ઘર છોડીને બીજાના ઘરે બેસવા જાય તેના ઘરમાં નિર્ધનતા આવે છે. જીવનમાં બધી વસ્તુ કાબૂમાં રહે પણ ક્રોધને કાબુમાં રાખવો એ મહાન છે. કથા સાંભળ્યા પછી કોઈ દિ ક્રોધ ન કરવો.

## જીવનના ત્રણ સાથી - સત્ય, પ્રેમ, કરૂણા

મનીષા કે. સાથપરા
(આપેવાડા)

સત્ય, પ્રેમ અને કરુણાએ માનવજીવનને સાર્થક કરનાર ત્રણ રતન છે. જ્યારે કામ, ક્રોધ, લોભ જીવનને પતનની ખાણમાં ધકેલનારા છે. માનવનો જન્મ ત્રણ અનમોલ રત્નમાંથી થયો હોય છે. જ્યારે માણસ બાળ અવસ્થામાં હોય ત્યારે તેને રમત-ગમતમાં ધ્યાન હોય છે અને પછી યુવાની અવસ્થામાં માનવી મોજ-શોખમાં વ્યસ્ત હોય છે અને જ્યારે માનવી યુવાનીમાં હોય છે. ત્યારે તેને પોતાનું ધાર્યું કામ કરવામાંથી બહાર આવતો નથી આવી રીતે માનવ સતત બંધાતો જાય છે. જે દુષણો જીવનમાં દુઃખ અને પસ્તાવો સિવાય કંઈ આપતા નથી.

માનવનો મૂળ સ્વભાવ સત-ચિત-આનંદમાં એટલે કે સત્ય-પ્રેમ-કરૂણા સાથે ગુંચવાયેલો હોય છે. આવું સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા છે. નાનું નિર્દોષ બાળક આ સ્વરૂપનું પ્રતિક છે. ઉંમર થતા સમયના પ્રવાહમાં માણસનાં મગજમાં કામ-ક્રોધ-લોભ જેવા પ્રદુષણો મગજમાં વધતા જાય છે. અંતે માણસ મરણ પછી સ્વર્ગમાં જવાની તડપ રાખતો માણસ પરમાત્માની આ સુંદર સૃષ્ટિ ઉપર જ્યાં સાચે જ સ્વર્ગ છે. તેની મજા માણી શકતો નથી અને જ્યાં સ્વર્ગ છે કે નહી તેનું ચોક્કસ કોઈ પ્રમાણ નથી એવા મરણ પછીના સ્વર્ગની મોટી-મોટી વાતો કરે છે.

કેવિ વિચિત્રતા માનવ દેહ જ્યાં નામ જપ-તપ-પુજા આરાધના અને ઈશ્વર સ્મરણ કરવાનો અવસર મળે એના કરતાં અધિક સ્વર્ગ બીજુ કયું હોઈ શકે. પરમાત્માના નામનું રટણ કરતાં કરતાં મરણ આવે એ જ સાચું સ્વર્ગ છે. આપણે સાચા સ્વર્ગને બાજુએ રાખી. નરકની ખાણ તરફ જઈ રહ્યા છે. શાસ્ત્રકારે, સંતોએ સંસારને છોડવાની વાત નથી કરી. અહીંથી ભાગવાની નહી પણ સમજણ પૂર્વક જાગવાની વાત છે. હવાથી જીવી શકાય પણ એજ હવા બેફામ થાય તો. જીવનમાં પાણીની આવશ્યકતા ચુકે છે. પરંતુ નદીનું પાણી તેનું સ્વરૂપ બદલે તો કામ-ક્રોધ-લોભ જેવા દુષણો ત્યારે જીવનમાં વિનાશ સર્જે છે.

આવી રીતે આપણે પણ કામ-ક્રોધ-લોભ જેવા દુષણો તેની મર્યાદામાં રાખી જીવનના ત્રણ સાથી એવા સત્ય-પ્રેમ-કરૂણાના સાગરમાં મળીને આપણે મનખાને રૂડો બનાવીએ.

**॥ શ્રધ્ધાંજલી ॥**

રાજપરા ગામના સ્વ. હરજીભાઈ પ્રેમજીભાઈ કોઠિયા (ઉ.વ. ૮૧) સંવત ૨૦૭૧ અષાઢ સુદ ૭ તા. ૨૩/૦૭/૨૦૧૫ ને ગુરૂવારના રોજ માધવ ચરણ પામેલ છે. ઈશ્વર સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.

માધવ પરિવાર વતી વેદ સદસ્ય સમિતિ શ્રધ્ધાંજલી અર્પે છે.

## સુવાક્યો

-સંકલિત

- ઈશ્વરના પ્રભાવ જેવો કોઈ પ્રભાવ નથી.
- ઈશ્વરના જ્ઞાનની સમાન કોઈ જ્ઞાન નથી.
- ઈશ્વરના દર્શન સમાન કોઈ દર્શન નથી.
- મહાપુરુષોનાં આચરણથી વધીને કોઈ અનુકરણીય આચરણ નથી.
- પરમાત્માની પ્રાપ્તિના સમાન કોઈ લાભ નથી.
- સત્સંગના સમાન કોઈ મિત્ર નથી.
- કુસંગના સમાન કોઈ શત્રુ નથી.
- ભગવદ્ ભાવથી વધીને કોઈ ભાવ નથી.
- સત્યના સમાન કોઈ તપ નથી.
- ગંગાના સમાન કોઈ તીર્થ નથી.
- ગાયના સમાન કોઈ સેવ્ય નથી.
- ગીતાના સમાન કોઈ શાસ્ત્ર નથી.

# જય સચ્ચિદાનંદ



**પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ**

૨ તા. ૧૨-૯-૨૦૧૫ ઈલાહાબાદ થી ચાણોદ
૨ તા. ૧૪-૯-૨૦૧૫ થી તા. ૧૬-૯-૨૦૧૫ કંથારીયા
૨ તા. ૧૭-૯-૨૦૧૫ થી તા. ૧૮-૯-૨૦૧૫ આંકલાવ
૨ તા. ૧૯-૯-૨૦૧૫ થી તા. ૨૦-૯-૨૦૧૫ આસોદર
૨ તા. ૨૧-૯-૨૦૧૫ થી તા. ૨૨-૯-૨૦૧૫ ધર્મજ
૨ તા. ૨૩-૯-૨૦૧૫ થી તા. ૨૪-૯-૨૦૧૫ કંથારીયા-વડદલા
૨ તા. ૨૫-૯-૨૦૧૫ થી તા. ૨૭-૯-૨૦૧૫ લીંબાશી-હેરંજ
૨ તા. ૨૮-૯-૨૦૧૫ થી તા. ૫-૧૦-૨૦૧૫ સુધી બોટાદ

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ**

૨ કથા પ્રારંભ : ભાદરવા વદ ૨ ને મંગળવાર તા. ૨૯/૯/૨૦૧૫
૨ કૃષ્ણ જન્મોત્સવ : ભાદરવા વદ ૬ ને શનિવાર તા. ૩/૧૦/૨૦૧૫
૨ કથા પૂર્ણાહુતિ : ભાદરવા વદ ૮ ને સોમવાર તા. ૫/૧૦/૨૦૧૫
૨ કથાનો સમય બપોરે ૧ થી ૫ સુધી
૨ આયોજક : વૈદ્યનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજીત, અલકેશભાઈ એન. જોષી, ઉપેન્દ્રભાઈ આર. દવે, પ્રતીકભાઈ સી. રાવળ, જશવંતભાઈ આઈ. શુક્લ, ભીખુભાઈ જે. જોષી, રંજનીભાઈ વ્યાસ, કમલેશભાઈ જોષી



**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ તા. ૩૧-૭-૧૫ થી તા. ૨૮-૯-૧૫ સુધી હરિદ્વાર મુકામે રાખેલ છે.**

૨ ગુરૂગીતા પાઠ :- સવારે ૬.૦૦ વાગ્યે
૨ સ્વાધ્યાય :- સવારે ૬.૩૦ થી ૭.૩૦
૨ વિષય :- વિવેક ચૂડામણી
૨ સત્સંગ પ્રવચન :- વિષય - ગુરૂજીની જીવનમાં અનિવાર્યતા શા માટે ? ગુરૂની વિશેષતા શું ?
૨ રાત્રે ૮.૦૦ થી ૯.૦૦ પ્રાર્થના-ભજન-કીર્તન.



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ શ્રી માધવાનંદ આશ્રમ-ચાણોદમાં રાખેલ છે.**


૨ તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ સુધી સવારે શ્રી ગુરુગીતાનો પાઠ - પ્રવચન સાંજે ભજન સત્સંગ પરંપરા પ્રમાણે થશે.
૨ સ્થળ : મુ. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા. ફોન : ૦૨૬૬૩ ૨૩૩૩૬૨
૨ નોંધ : ચાણોદ આવતા પહેલા ફક્ત ફોનથી જાણ કરવા વિનંતી.
૨ **ચાતુર્માસ પૂર્ણ થયા બાદ તા. ૨૯-૯-૧૫ થી તા. ૯-૧૧-૧૫ સુધી હરિદ્વાર શ્રી માધવાનંદ આશ્રમમાં રોકાણ કરશે.**



**પ.પૂ. બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજનો કાર્યક્રમ**

૨ તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ સુરત શહેરમાં ચાતુર્માસ થશે.
૨ સવારે ૬.૧૫ થી ૬.૫૦ શ્રી ગુરુગીતાનો પાઠ
૨ સવારે ૬.૫૦ થી ૭.૧૫ પ્રવચન, વિષય શ્રી ગુરુગીતા
૨ બપોરે ૩.૩૦ થી ૪.૦૦ સુધી ભજન-કીર્તન
૨ બપોરે ૪.૦૦ થી ૫.૦૦, પ્રવચન-વિષય શ્રીમદ્ ભાગવત મહાપુરાણ
૨ બપોરે ૫.૦૦ થી ૫.૫૦ આરતી તથા શ્રી શિવ મહિમ્નઃ સ્તોત્ર
૨ સ્થળ - શ્રી માધવાનંદ આશ્રમ, કરાડ઼ ગામ, તાપી કીનારે, સુરત.

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો ચાતુર્માસનો કાર્યક્રમ



૨ તા. ૩૧-૭-૨૦૧૫ થી તા. ૨૮-૯-૨૦૧૫ સુધી વસ્તડી ધામમાં **(સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનું જન્મ સ્થળ)** ચાતુર્માસ દરમ્યાન રોકાણ કરશે.

### ચાતુર્માસ દરમ્યાન સત્સંગ કાર્યક્રમ

- ૨ સવારે : ૬ કલાકે શ્રી ગુરૂગીતાનો પાઠ
- ૨ બપોરે : ૩:૩૦ થી ૪:૦૦ ભજન કીર્તન
- ૨ સાંજે : ૪:૦૦ થી ૫:૩૦ પ્રવચન - આરતી
- ૨ રાત્રે : ૮:૩૦ થી ૧૦:૦૦ પ્રાર્થના - પ્રવચન

### સંપર્ક સુત્ર

| | | | |
|---|---|---|---|
| ગોહિલ અજીતભાઈ | ૯૮૨૫૫ ૯૦૨૮૦ | ગોહિલ મોબુભાઈ | ૯૮૭૯૩ ૭૨૫૨૨ |
| ગોહિલ દાદુભાઈ | ૯૯૭૯૪ ૪૪૧૯૯ | ગોહિલ છગનભાઈ | ૯૯૦૯૧ ૭૪૪૩૩ |
| ચૌહાણ પ્રભુભાઈ | ૯૯૦૯૧ ૨૫૪૮૮ | ગોહિલ એ. જી. | ૯૮૨૫૨ ૬૨૫૩૬ |

### સ્થળ

શ્રી માધવાનંદ આશ્રમ, બગોદરા-રાજકોટ, હાઈવે રોડ, મુ. વસ્તડી, વાયા-વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

**ખાસ નોંધ** ચાતુર્માસ દરમિયાન રોકાણ કરવા ઈચ્છા ધરાવતા સેવક ભાઈ-બહેનોએ ટેલીફોનથી જાણ કરવી જેથી તેઓને રહેવાની યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

**ચાતુર્માસ પૂર્ણ થયા બાદ કાર્યક્રમ જાણવા માટે પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીનો સંપર્ક કરવો.**



**પ.પૂ. સ્વામીશ્રી ભુમાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ સુઘડ મુકામે રાખેલ છે.**

૨ તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ ચાતુર્માસ દરમ્યાન સુઘડ (ગાંધીનગર), આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં કથા-પ્રવચન પરંપરા મુજબ થશે.

૨ સ્થળ : આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ-નભોઈ, ઈન્દીરા બ્રીજ સેક્ટર નં.-૭, નર્મદા મેઈન કેનાલ પાસે, કોબા સર્કલ મુ. પોસ્ટ, નભોઈ, તા.જી. ગાંધીનગર-૩૮૨૪૨૪, ફોન : ૦૭૯-૨૩૨૭૬૧૫૧

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રીના
આશિર્વાદ લેતા શ્રી ટ્રસ્ટી મંડળ - સુરત શ્રી માધવાનંદ આશ્રમ કરાડાગામ-સુરત તાપી કિનારે





પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદસાગરજી મહારાજશ્રીના
આશિર્વાદ લેતા શ્રી માધવ ગુરૂકુળ(બાકરોલ)ના ટ્રસ્ટી મંડળ

: સૌજન્ય :

## સ્વામી શ્રી અખંડાનંદ સાગર ચેરીટેબલ ટ્રસ્ટ

સંચાલીત

# " માધવ ગુરૂકુળ "

Printed Book

REGISTERED UNDER RNI NO. GUJGUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGD. NO. SRT/771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH



[illegible]

BOOK POST

પૃષ્ઠ ૨૪

If Not Delivered Please Return To :-

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jeramabhai Sosani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-